કચ્છ અને ગાંધીનગરથી ગુજરાતી અને હિન્દી ભાષામાં એકસાથે પ્રસિદ્ધ થતું એકમાત્ર દૈનિક

http://www.chanchal.co | chanchal61@yahoo.com | chanchal news | chanchal news | +91 94276 13250

Date : 31-03-2023, Friday • Issue NO. : 268 • Year : 41 • Page : 4 • Price : 0.60

# ચંચળ

ભુજ આવૃત્તિ

R.N.I. Reg. No. 48472/80 | તંત્રી : જયેન્દ્ર ઉપાધ્યાય | તા. ૩૧-૦૩-૨૦૨૩, શુક્રવાર • અંક નં. ૨૬૮ • વર્ષ : ૪૧ • પાના : ૪ • REGD: GKCH-36/2018-20

ચંચળ દૈનિક

આપની સંસ્થાના સમાચાર ઈ-મેલ પર મોકલો

E-mail : chanchal61@yahoo.com

જાહેરાત આપવા માટે સંપર્ક કરો

ગાંધીનગર : ૯૪૨૭૬ ૧૩૨૫૧, ભુજ : ૯૪૨૭૬ ૧૩૨૫૦

દેશની તથા ગુજરાતની પલે-પલની ખબર હવે એક ક્લીક પર

જોતા રહો ચંચળ ન્યુઝની વેબસાઈટ

www.chanchal.co

# મોદી સરકારે જીવન જરૂરી દવાઓ સસ્તી કરી! કોંગ્રેસ નેતા શશિ થરૂરની રજૂઆત બાદ લેવાયો નિર્ણય

નવી દિલ્હી: કેન્દ્ર સરકારે કેટલાક કૃચ્છ સાધ્ય રોગોની સારવારમાં વપરાતી દવાઓ અને ખાદ્યપદાર્થો પરની આયાત પર લાગતી ડ્યૂટી નાબૂદ કરી દીધી છે. સરકારે વિવિધ પ્રકારના કેન્સરની સારવારમાં વપરાતા પેમ્બ્રોલિઝુમાબને પણ કસ્ટમ ડ્યુટીમાંથી મુક્તિ આપી છે. દવાઓ પર સામાન્ય રીતે ૧૦ ટકા કસ્ટમ ડ્યુટી લાગે છે, જ્યારે લાઈફ સેવિંગ ડ્રગ્સ કહેવાતી દવાઓની કેટલીક શ્રેણીઓ પર ૫ ટકા કસ્ટમ ડ્યુટી લાગે છે. આયાત ડ્યુટીમાંથી આ મુક્તિ ૧ એપ્રિલ, ૨૦૨૩ થી અમલમાં આવશે. આ લાભ વ્યક્તિગત ઉપયોગ માટે આયાત કરાયેલ વિશેષ ટ્રીટમેન્ટ માટે તમામ દવાઓ અને ખોરાક પર ઉપલબ્ધ રહેશે.

કોંગ્રેસના નેતા શશિ થરૂરે થોડા દિવસો પહેલા નાણા પ્રધાન નિર્મલા સીતારમણને પત્ર લખીને દુર્લભ કેન્સરથી પીડિત બાળકીની સારવારમાં ઉપયોગમાં લેવાતી આયાતી દવા પર કસ્ટમ ડ્યુટીમાંથી મુક્તિની અપીલ કરી હતી.

નિહારિકા નામની આ બાળકીની સારવાર માટે ૬૫ લાખ રૂપિયાના ઈન્જેકશનની જરૂર હતી. અને આ ઈન્જેકશન પર પર લગભગ ૭ લાખ રૂપિયાનો ટેક્સ વસૂલવામાં આવતો હતો. યુવતીના માતા-પિતા આ ટેક્સ ચૂકવવામાં અસમર્થ હતા અને તેઓએ તેમની સમસ્યા સાંસદ શશિ થરૂરને જણાવી હતી. જેને પગલે હવે સરકારે તમામ દુર્લભ રોગોની સારવારમાં વપરાતી તમામ દવાઓ પરની ઈમ્પોર્ટ ડ્યૂટી નાબૂદ કરીને લોકોને મોટી રાહત આપી છે. સરકારના આ પગલાથી નિહારિકા જેવા દર્દીઓના કેન્સરની સારવાર માટેનું ઈન્જેક્શન પણ ૭ લાખ રૂપિયા સસ્તું થઈ ગયું છે. કેન્દ્રીય નાણા મંત્રાલય દ્વારા જારી કરાયેલા નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું છે કે જો કોઈ વ્યક્તિ કેટલીક દુર્લભ બીમારીઓની સારવારમાં ઉપયોગમાં લેવાતી દવાઓ વ્યક્તિગત રીતે આયાત કરે છે, તો તેણે કસ્ટમ ડ્યુટી ચૂકવવી પડશે નહીં. આ માટેનો નિયમ એવો છે કે આ રોગ નેશનલ પોલિસી ફોર રેર ડીસિઝિસ ૨૦૨૧ હેઠળ સૂચિબદ્ધ કરવો જોઈએ. વ્યક્તિગત આયાતકારે કેન્દ્રીય અથવા રાજ્ય આરોગ્ય સેવાઓના નિયામક અથવા જિલ્લાના જિલ્લા તબીબી અધિકારી/સિવિલ સર્જન દ્વારા જાહેર કરાયેલ પ્રમાણપત્ર રજૂ કરવું પડશે, જે સાબિત કરે કે આ રોગ એક દુર્લભ રોગ છે. નોંધનીય છે કે સ્પાઈનલ મસ્ક્યુલર એટ્રોફી અથવા ડશેન મસ્ક્યુલર ડિસ્ટ્રોફીની સારવાર માટે ઉલ્લેખિત દવાઓને કસ્ટમ ડ્યુટી મુક્તિ પહેલેથી જ આપવામાં આવી છે.

## દેશ પરદેશથી

## ટ્વિટરની સૌથી મોટી કાર્યવાહી, પાકિસ્તાન સરકારનું ટ્વિટર એકાઉન્ટ ભારતમાં કર્યું બ્લોક

મોટી કાર્યવાહી કરતા ટ્વિટરે ભારતમાં પાકિસ્તાન સરકારનું એકાઉન્ટ બ્લોક કરી દીધું છે. ટ્વિટર પર જારી કરવામાં આવેલી નોટિસ અનુસાર, પાકિસ્તાન સરકારનું એકાઉન્ટ કાયદાની માંગ પર બંધ કરવામાં આવ્યું છે. ટ્વિટરની ગાઈડલાઈન મુજબ, કોર્ટના આદેશ અથવા સરકારની માંગ જેવી માન્ય કાનૂની માંગ પર એકાઉન્ટને બ્લોક કરવું પડશે. રોઈટર્સના અહેવાલ મુજબ પાકિસ્તાન સરકારનું ટ્વિટર એકાઉન્ટ અન્ય દેશો જેવા કે અમેરિકા, કેનેડા વગેરેમાં સક્રિય છે. હજુ સુધી આ મામલે ભારત કે પાકિસ્તાનના ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રીઓ તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી. પાકિસ્તાન સરકારનું ટ્વિટર એકાઉન્ટ ખોલવા પર, ત્યાં લખવામાં આવ્યું છે, "ભારતમાં પાકિસ્તાન સરકારનું ટ્વિટર એકાઉન્ટ ભારતમાં કાયદાની માંગના જવાબમાં સસ્પેન્ડ કરવામાં આવ્યું છે." છદ્વૈના અહેવાલ મુજબ, આ ત્રીજી વખત છે જ્યારે પાકિસ્તાનના ટ્વિટર એકાઉન્ટને ભારતમાં જોવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. અગાઉ જુલાઈ ૨૦૨૨ માં, પાકિસ્તાન સરકારના ટ્વિટર એકાઉન્ટને ભારતમાં પ્રતિબંધિત કરવામાં આવ્યું હતું, જોકે પછીથી તે ફરીથી દેખાવા લાગ્યું હતું. ગયા વર્ષે જૂનમાં, ટ્વિટર ઈન્ડિયાએ ભારતમાં સંયુક્ત રાષ્ટ્ર, તુર્કી, ઈરાન અને ઈજિપ્તમાં પાકિસ્તાની દૂતાવાસોના સત્તાવાર ટ્વિટર એકાઉન્ટ્સને બ્લોક કરી દીધા હતા. આ સાથે ભારતે ભારત વિરોધી નકલી માહિતી ફેલાવવા બદલ પાકિસ્તાનથી ચાલતી ઘણી યુટ્યુબ ચેનલો અને ફેસબુક એકાઉન્ટ પર પણ પ્રતિબંધ લગાવી દીધો હતો.

## ભારતીય પાસપોર્ટની તાકાતમાં થયો મોટો ઘટાડો

છેલ્લા એક વર્ષમાં ભારતના પાસપોર્ટની તાકાતમાં ઘટાડો થયો છે. હવે ભારતીય પાસપોર્ટનો મોબિલિટી સ્કોર કોરોના મહામારી પહેલા કરતા પણ ઓછો આવી ગયો છે. આ સાથે શક્તિશાળી પાસપોર્ટની યાદીમાં ભારતનું રેન્કિંગ ૦૬ સ્થાન નીચે આવી ગયું છે. પાસપોર્ટ ઈન્ડેક્સે એક દિવસ પહેલા તાજી યાદી બહાર પાડી હતી, જે દર્શાવે છે કે ભારતનો મોબિલિટી સ્કોર નીચે આવ્યો છે. આ વર્ષે ઈન્ડેક્સમાં ભારતનો સ્કોર સૌથી વધુ ઘટ્યો છે. હવે એટલે કે માર્ચ ૨૦૨૩માં આ સ્કોર ઘટીને ૭૦ થઈ ગયો છે. કોરોના રોગચાળા પહેલા, વર્ષ ૨૦૧૯ માં તે ૭૧ હતો, અને પછી તે વર્ષ ૨૦૨૨ માં વધીને ૭૩ થઈ ગયો. ઈન્ડેક્સ અનુસાર ભારતીય પાસપોર્ટની રેન્કિંગ આ વર્ષે ઘટીને ૧૪૪ થઈ ગઈ છે. એક વર્ષ પહેલા ભારતીય પાસપોર્ટનું રેન્કિંગ ૧૩૮ હતું. આ ઘટાડો એવા સમયે આવ્યો છે જ્યારે મહામારી અને અર્થવ્યવસ્થા ખુલ્યા બાદ ટ્રાફિક ઝડપથી સુધર્યો છે. આ વર્ષે ભારતની સાથે એશિયાની કેટલીક અન્ય મોટી અર્થવ્યવસ્થાઓના પાસપોર્ટનું પ્રદર્શન પણ કથળ્યું છે. વિયેતનામ, ઈન્ડોનેશિયા, ચીન અને થાઈલેન્ડ જેવા એશિયન દેશોના પાસપોર્ટ રેન્કિંગમાં ભારતની જેમ ઘટાડો થયો છે. આ દર્શાવે છે કે એશિયન દેશો ગયા વર્ષે ટ્રાફિકમાં વિશ્વવ્યાપી તેજીનો લાભ લેવામાં નિષ્ફળ રહ્યા છે. ભારતીય પાસપોર્ટની રેન્કિંગમાં ઘટાડાનું મુખ્ય કારણ યુરોપિયન યુનિયનની નીતિ છે. એશિયાઈ દેશોમાં દક્ષિણ કોરિયાનું પ્રદર્શન શ્રેષ્ઠ છે. આ દેશનો પાસપોર્ટ ૧૭૪ના મોબિલિટી સ્કોર સાથે ૧૨મા ક્રમે છે, જ્યારે જાપાન ૧૭૨ના સ્કોર સાથે ૨૬મા ક્રમે છે. આ વર્ષે માત્ર ૧૦ દેશોનો સ્કોર સુધર્યો છે. સ્વીડન હવે જર્મનીને પછાડી બીજા સ્થાને પહોંચી ગયું છે. કેન્યાની રેન્કિંગમાં ચાર સ્થાનનો ઉછાળો આવ્યો છે. આ વર્ષે કોઈપણ દેશનો આ સૌથી મોટો ઉછાળો છે. કોઈપણ દેશના પાસપોર્ટની મજબૂતાઈ એ હકીકત પરથી જાણી શકાય છે કે તે દેશના નાગરિકો વિઝાની જરૂર વગર આટલા બધા દેશોની યાત્રા કરી શકે છે. આ મુજબ દેશના પાસપોર્ટનો મોબિલિટી સ્કોર નક્કી થાય છે.

## અમેરિકાનું 'બ્લેક હોક' થયુ દૂર્ઘટનાનો શિકાર, બે હેલિકોપ્ટર ક્રેશ, કેટલાય લોકોના મોત

વિશ્વના સૌથી શક્તિશાળી દેશ અમેરિકા **(USA)**ના બે અત્યાધુનિક બ્લેક હોક હેલિકોપ્ટર ક્રેશ થયા છે. આ હેલિકોપ્ટર કેન્ટુકીમાં ઉડાન ભરી રહ્યા હતા, તે દરમિયાન ટક્કર થવાના કારણે તેમાં આગ લાગી હતી. આ અકસ્માતમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે.બ્લેક હોક એ ફ્રન્ટ લાઈન યૂટિલિટી હેલિકોપ્ટર છે, જે વિયેતનામ યુદ્ધ દરમિયાન શીખ્યા પાઠ પછી યૂએસ દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યું છે. અમેરિકાના ઘણા મિત્ર દેશોના વિશેષ દળો વિશ્વભરમાં આવા હેલિકોપ્ટરનો ઉપયોગ કરે છે. અમેરિકાએ વિશ્વના સૌથી ખતરનાક આતંકવાદી ઓસામા બિન લાદેનને મારવા માટે પણ આ બ્લેક હોક હેલિકોપ્ટરનો પણ ઉપયોગ કર્યો હતો. ૨ મે, ૨૦૧૧ની રાત્રે, અમેરિકાના કેટલાક અત્યાધુનિક હેલિકોપ્ટરોએ અફઘાનિસ્તાનથી ઉડાન ભરી, અને તેઓએ પાકિસ્તાનના એબોટાબાદમાં ઓસામા બિન લાદેનની વૈભવી હવેલીને ઘેરી લીધી. ઓસામાએ ૧૦ વર્ષ સુધી અમેરિકાને ચકમો આપ્યો હતો, પરંતુ ૨ મે ૨૦૧૧ની રાત્રે તે ભાગી ન શક્યો. અમેરિકન સૈનિકોએ તેમના હેલિકોપ્ટરમાંથી આ ગોળીઓ છોડી હતી.

## H1B Visa: અમેરિકન કોર્ટનો મોટો ફેંસલો, એચ-૧બી વિઝા ધારકોના જીવનસાથી કરી શકશે નોકરી

અમેરિકામાં કામ કરતા વિદેશી કામદારો માટે સારા સમાચાર છે. અમેરિકી કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે જો કોઈની પાસે **H-1B** વિઝા છે તો તેના જીવનસાથીને દેશમાં કામ કરવાની છૂટ છે. યુએસ ડિસ્ટ્રિક્ટ જજ તાન્યા ચુટકને સેવ જોબ્સ યુએસએ દ્વારા દાખલ કરાયેલા મુકદમાને ફગાવી દીધો. અરજીનો એમેઝોન, એપલ, ગૂગલ અને માઈક્રોસોફ્ટ જેવી ટેક કંપનીઓએ વિરોધ કર્યો હતો. યુએસએ અત્યાર સુધીમાં લગભગ ૧૦૦,૦૦૦ **H-1B** કામદારોના જીવનસાથીઓને કામના અધિકારો જારી કર્યા છે, જેમાંથી મોટી સંખ્યામાં ભારતીયો છે. તેમના આદેશમાં, ન્યાયમૂર્તિ ચુટકને નોંધ્યું હતું કે સેવ જોબ્સ યુએસએની પ્રાથમિક દલીલ એ છે કે કોંગ્રેસે વિદેશી નાગરિકો, જેમ કે **H-4** વિઝા ધારકોને યુનાઈટેડ સ્ટેટ્સમાં કામ કરવાની મંજૂરી આપવા માટે ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી ઓથોરિટી આપી નથી. પરંતુ તે વિવાદ ઈમિગ્રેશન એન્ડ નેશનાલિટી એક્ટના ટેક્સ્ટમાં, એક્ઝિક્યુટિવ-બ્રાન્ચના દાયકાઓની પ્રથા અને તે પ્રથાના સ્પષ્ટ અને ગર્ભિત બહાલી બંનેમાં લાંબો ચાલે છે. ન્યાયાધીશે તેમના આદેશમાં જણાવ્યું કોંગ્રેસે સ્પષ્ટપણે અને ઈરાદાપૂર્વક યુએસ સરકારને **H-4** જીવનસાથીના યુનાઈટેડ સ્ટેટ્સમાં રહેવાની અનુમતિપાત્ર શરત તરીકે રોજગાર અધિકૃત કરવા માટે અધિકૃત કર્યા છે. તેમણે કહ્યું કે હકીકત એ છે કે સમાન વિઝા વર્ગો માટે રોજગાર અધિકૃત કરવા માટે ફેડરલ સરકારની લાંબા સમયથી અને ખુલ્લી જવાબદારી છે. કોંગ્રેસે તે સત્તાના ઉપયોગને મંજૂરી આપી છે. ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી અને તેના પુરોગામીઓએ માત્ર વિદ્યાર્થીઓ માટે જ નહીં, પરંતુ તેમના જીવનસાથીઓ અને આશ્રિતોને પણ રોજગાર અધિકૃત કર્યો છે.

## ઈન્દોરમાં રામનવમી પર મોટી દુર્ઘટના : મંદિરમાં કૂવાની છત તૂટતાં ૧૪નાં મોત, ૧૯ લોકો હોસ્પિટલમાં

ઈન્દોર

રામનવમીના અવસરે મધ્ય પ્રદેશના ઈન્દોરમાં એક મોટી દુર્ઘટના ઘટતા બેલેશ્વર મહાદેવ ઝૂલેલાલ મંદિરના કુવાની છત ધસી પડી છે. આ દુર્ઘટનામાં ૩૦થી વધુ વધારે લોકો કૂવામાં ખાબકતાં કાટમાળ નીચે દટાયા હતા. જેમાંથી ૧૪ લોકોના મોત થયા છે. અત્યાર સુધીમાં ૧૯ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. જ્યારે બાકીના લોકોને બચાવવા માટે રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે. વાવમાંથી પાણી કાઢવા માટે મોટર (પંપ) મંગાવવામાં આવ્યા છે.આ અકસ્માત સ્નેહ નગર પાસે પટેલ નગરમાં થયો હતો. અહી બેલેશ્વર મહાદેવ ઝુલેલાલ મંદિરમાં કુવા ઉપરની છત તૂટી ગઈ હતી. જેના કારણે તેના પર ઉભેલા લોકો કૂવામાં પડી ગયા હતા. રામનવમી પર મંદિરમાં હવન ચાલી રહ્યો હતો.એમપી સીએમ શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું કે લોકોને બચાવાના પ્રયાસો થઈ રહ્યાં છે. જે લોકો ફસાયેલા છે તેમને બહાર કાઢવાના પ્રયાસો ચાલુ છે. બહાર કાઢવામાં આવેલા લોકોને સારવાર માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે, તેઓ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે રામનવમી પર મંદિરમાં હવન થઈ રહ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં લોકો ભાગ લેવા પહોંચ્યા હતા. લોકો પૂજા-અર્ચના કરી આરતી કરી રહ્યા હતા. મંદિરમાં એક કૂવો હતો. જેના પર ૧૦ વર્ષ પહેલા છત નાખવામાં આવી હતી. પૂજા દરમિયાન, ૨૦-૨૫ લોકો કૂવાની છત પર ઉભા હતા, જ્યારે છત તૂટી ગઈ હતી. છત તૂટી પડવાને કારણે લગભગ ૨૦-૨૫ લોકો કૂવામાં પડી ગયા હતા. આ કૂવો ૫૦ ફૂટ ઊંડો હોવાનું કહેવાય છે.

જિલ્લા પ્રશાસને ઘટનાસ્થળે પહોંચીને બચાવ કાર્ય શરૂકરી દીધું છે. જોકે, કૂવામાં પાણી છે, જેના કારણે બચાવ કામગીરીમાં મુશ્કેલી પડી રહી છે. લોકોને મંદિરની નજીક જવાની મનાઈ ફરમાવવામાં આવી છે.મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે બેલેશ્વર મહાદેવ મંદિરની ઘટનાની નોંધ લીધી છે. શિવરાજ સિંહે ઈન્દોરના કલેક્ટર અને કમિશનરને ફોન કરીને બચાવ કામગીરી ઝડપી બનાવવા સૂચના આપી છે. મુખ્યમંત્રી કાર્યાલય સતત ઈન્દોર જિલ્લા વહીવટીતંત્રના સંપર્કમાં છે. ઈન્દોરના સાંસદ શંકર લાલવાણીએ કહ્યું કે સંખ્યા વિશે જણાવવું મુશ્કેલ છે. ૭ લોકોને બહાર કાઢવામાં આવ્યા છે. અમારી પ્રાથમિકતા કુવામાં પડેલા લોકોને વહેલી તકે બહાર કાઢવાની છે. રેસ્ક્યુ ટીમ, પોલીસ અને સ્થાનિક લોકો લોકોને બહાર કાઢવામાં વ્યસ્ત છે. જેમને બહાર કાઢવામાં આવ્યા છે તેઓને હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. રેસ્ક્યુ ટીમ દોરડા લગાવીને લોકોને બહાર કાઢવાનો પ્રયાસ કરી રહી છે. રેસ્ક્યુ ટીમના લોકો કૂવામાંથી લોકોને બહાર કાઢવાનો પ્રયાસ કરી રહ્યા છે. સમગ્ર જિલ્લા વહીવટીતંત્ર ત્યાં પહોંચી ગયું છે.

## વડોદરામાં ભગવાન રામની મૂર્તિને ખંડિત કરવાનો પ્રયાસ : અજંપાભર્યો માહોલ



વડોદરા

વડોદરા શહેરમાં ભગવાનની શોભા યાત્રામાં ત્રણ ત્રણ વખત પત્થરમારોની ઘટના બની છે. પાંજરીગર મહોલ્લા બાદ કુંભારવાડા વિસ્તારમાં પણ બબાલ જોવા મળી રહી છે. અહીં પણ તોફાની તત્વો દ્વારા આડેધડ પત્થરમારો કરી વાતાવરણ ડહોળવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. કુંભાર વાડા વિસ્તારમાં આડેધડ પથરાવથી અફરાતફરીનો માહોલ સર્જાયો છે. તોફાનીઓ દ્વારા પત્થરો મારી ભગવાન રામની મૂર્તિને નુકશાન પહોંચાડવાનો પ્રયાસ કરાયો છે. એક જ યાત્રા પર સતત બે વખત પત્થરમારો કરાયો છે. જેના કારણે પોલીસ દ્વારા સ્થિતિ પર કાબૂ મેળવવા ટીયર ગેસના સેલ છોડાયા છે.તોફાનીઓ દ્વારા કુંભારવાડાથી લઈ યાકુતપુરા વિસ્તાર બાણમાં લીધો છે. અસંખ્ય વાહનોને પણ નુકશાન પહોંચાડવામાં આવ્યું છે. પથ્થરમારાની ઘટનામાં પોલીસ કમિશનર શમશેર સિંહનો આબાદ બચાવ થયો છે. ભારે જહેમત બાદ સ્થિતિ પર કાબૂ મેળવાયો છે. હાલ સમગ્ર વિસ્તારમાં અજંપા ભરી સ્થિતિ છે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે શોભા યાત્રા આગળ વધારાઈ છે. ઘટનાની જણ થતાં શહેર ભાજપના આગેવાનો પણ ઘટના સ્થળે પહોંચ્યા છે.રામનવમી નિમિત્તે નીકળેલી શોભાયાત્રાની બબાલમાં કાંચની બોટલો વાળી પેટ્રોલ બોમ્બ પણ ફેંકાયા હોવાની માહિતી મળી રહી છે. આ ઘટનાને કારણે મોટી સંખ્યામાં પોલીસનો કાફલો તૈનાત કરી દેવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે, ફતેહપુરા ચારરસ્તા પાસે આ પથ્થરમારો થયો છે. વડોદરામાં પથ્થરમારાની ઘટના બાદ ગૃહ વિભાગ એલર્ટ બન્યું છે. ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવીએ પથ્થરમારાની ઘટના સામે લાલઆંખ કરી છે. આજે રાત્રે ૧૨ વાગ્યા પહેલા તોફાની તત્વોને પકડી પાડવા સૂચના આપી દીધી છે, જ્યારે કમિશનરે પણ શાંતિ જાળવવા અપીલ કરી છે. રાજ્યના તમામ પોલીસ ઉચ્ચ અધિકારીઓ ત્રિનેત્ર પહોંચ્યા છે. રાજયના પોલીસ વડા પણ ઉપસ્થિત છે. હાલ સીસીટીવી ફુટેજની તપાસ થશે અને ત્યારબાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ ઘટનાને પગલે કોઈ અનિચ્છનીય બનાવ ના બને તેના માટે પોલીસે લાઠીચાર્જ કરીને ટોળાને વિખેરવાની કોશિશ કરી છે. લોકોની દોડધામ મચી ગઈ હતી. એ સાથે તોફાની ટોળા દ્વારા રોડ ઉપરની લારીઓની પણ તોડફોડ કરવામાં આવી હતી. કોમી ભડકાથી રોડ ઉપરનાં બજારો ટપોટપ બંધ થઈ ગયાં હતાં. જોકે કોમી ભડકો ઉગ્ર સ્વરૂપ ધારણ કરે એ પોલીસકાફલો સ્થળ પર દોડી ગયો હતો અને તેમણે પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. ફતેપુરા વિસ્તારમાં ભરેલા અગ્નિ જેવી સ્થતી જોવા મળી રહી છે.

## સાબિત કરો કે હું ભાગેડૂ છું, રાહુલ ગાંધીને યૂકેની કોર્ટમાં ઢસડી જઈશ: લલિત મોદીએ આપી ચિમકી

નવી દિલ્હી

મોદી સરનેમને લઈને આપવામાં આવેલા નિવેદનમાં કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીને સુરતની કોર્ટ દ્વારા બે વર્ષની સજા અને બાદમાં લોકસભાની સદસ્યતા ખતમ થતાં મુશ્કેલી ઘટવાનું નામ નથી લેતી. હવે આઈપીએલના પૂર્વ કમિશ્નર લલિત મોદીએ ટ્વિટ કરીને કહ્યું કે, રાહુલ ગાંધી હવે સાધારણ નાગરિક છે. તે વારંવાર કહે છે કે, હું ભાગેડૂ છું. પણ હું કેવી રીતે ભાગેડૂ છું. હું પણ એક સામાન્ય નાગરિક છું. મને એવું લાગે છે કે, વિપક્ષી નેતાઓ પાસે કરવા માટે કંઈ નથી. તેમની પાસે કાં તો ખોટી જાણકારી છે અથવા તો, બદલાની ભાવનાથી બોલે છે. લલિત મોદીએ ટ્વિટ કરીને કહ્યું કે, રાહુલ ગાંધીને પોતાના આ નિવેદન માટે લંડનની કોર્ટમાં લઈને જઈશ. લલિત મોદીએ ટ્વિટ કરીને લખ્યું કે, હું રાહુલ ગાંધી વિરુદ્ધ તુરંત યૂકેની કોર્ટમાં જઈશ. મને વિશ્વાસ છે કે, તેમને પાક્કા પુરાવા સાથે અહીં આવવું પડશે. હું તેને બેવકુફ બનતા જોવા માટે ઉત્સુક છું. લલિત મોદીએ કહ્યું કે, મેં છેલ્લા ૧૫ વર્ષમાં આઈપીએલમાંથી એક પૈસો પણ નથી લીધો. હા એ જરુર છે કે, મેં આઈપીએલ દ્વારા બોર્ડને ૧૦૦ કરોડથી વધારેની કમાણી કરાવી છે. લલિત મોદીએ રાહુલના આરોપ પર સીધા પ્રહાર કરતા કહ્યું કે, કોંગ્રેસના કેટલાય નેતાઓ પાસે વિદેશોમાં સંપત્તિ છે. એટલું જ નહીં તેમણે કહ્યું કે, તે તેમનો ફોટો અને પુરાવા પણ મોકલી શકે છે. લલિત મોદીએ કહ્યું કે, રાહુલ ગાંધીને લાગે છે કે તે આ દેશમાં શાસન કરવા માટે જ બન્યા છે અને અસલી હકદાર છે. તેમણે કહ્યું કે, તે ભારતમાં પરત આવી શકે છે. પણ તેના માટે નવા કાયદાની જરુર પડશે.

## કર્ણાટક વિધાનસભા ચૂંટણી: ભાજપને થઈ શકે છે મોટુ નુકસાન, ઓપિનિયન પોલમાં કોંગ્રેસને ૧૧૫થી ૧૨૭ સીટ મળવાનું અનુમાન

નવી દિલ્હી: કર્ણાટક વિધાનસભા ચૂંટણીનો શંખનાદ થઈ ચુક્યો છે. ચૂંટણી પંચે રાજ્યમાં ચૂંટણીની તારીખો જાહેર કરી દીધી છે. રાજ્યમાં ચૂંટણીની તારીખની સાથે સાથે કેટલીય ન્યૂઝ ચેનલોએ પોતાના રાજ્યમાં વિધાનસભા ચૂંટણીને લઈને પોતાના ઓપિનિયન પોલ પણ જાહેર કરી દીધા છે. ન્યૂઝ ચેનલ એબીપી દ્વારા સી વોટરની સાથે મળીને કરવામાં આવેલા ઓપિનિયન પોલ અનુસાર, કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં આ વખતે ભાજપને મોટુ નુકસાન થવાનું અનુમાન છે. એબીપી સી વોટર ઓપિનિયમ પોલ અનુસાર, કર્ણાટકમાં આ વખતે ભાજપને ૬૮થી ૮૦ની વચ્ચે વિધાનસભા સીટથી સંતોષ કરવો પડશે. રાજ્યમાં કોંગ્રેસ સૌથી મોટી પાર્ટી બનીને ઉભરી શકે છે. કોંગ્રેસને કર્ણાટકમાં ૧૧૫થી ૧૨૭ વિધાનસભા સીટ મળી શકે છે. જ્યારે કુમારસ્વામીની પાર્ટી જેડીએસને ૨૩થી ૩૫ સીટો મળી શકે છે. ઓપિનિયન પોલમાં અન્ય દળને પણ શૂન્યથી ૨ સીટો મળવાની શક્યતા છે.

### અમદાવાદ ઈસ્કોન મંદિરમાં પણ હજારો ભક્તોની હાજરી

## અયોધ્યામાં રામનવમીની ધામધૂમથી ઉજવણી, ૨૫ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ દર્શનનો લાભ લીધો



અયોધ્યા

રામનગરી અયોધ્યામાં રામનવમીની ઉજવણી કરવામાં આવે છે. ગુરુવારે બપોરે બરાબર ૧૨ વાગ્યે શ્રીરામ જન્મભૂમિમાં ભગવાન રામનો જન્મ થયો હતો.

આખું મંદિર ગુંજી ઊઠ્યું. મંગળ ગીતો મંદિર પરિસરમાં ગુંજવા લાગ્યાં. રામલલ્લાને પીળાં વસ્ત્રો, સોનાનો મુગટ અને હાર પહેરાવવામાં આવ્યો હતો. અસ્થાયી મંદિરમાં આ છેલ્લી રામનવમી છે. આવતા વર્ષે એટલે કે ૨૦૨૪ની રામનવમી પહેલાં ૧૮૦૦ કરોડના ખર્ચે બનેલા નવા મંદિરમાં રામલલ્લા બિરાજશે.

રામનવમીમાં જન્મભૂમિ દરબાર સહિત સમગ્ર મંદિરને ૫૦ ક્વિન્ટલ(૫૦૦૦ કિલો) ફૂલોથી શણગારવામાં આવ્યંર છે. સુશોભન માટે લીલાં પાંદડાં આસામ-ઓડિશામાંથી મગાવવામાં આવ્યાં છે.

મેરીગોલ્ડના ફૂલો કોલકાતાથી, જ્યારે ઓર્કિડ કેનેડામાંથી મગાવવામાં આવ્યાં છે. માત્ર જન્મભૂમિ જ નહીં, પરંતુ કનક ભવન, શ્રી રામવલ્લભ કુંજ મંદિર, લક્ષ્મણ કિલ્લો અને હનુમત નિવાસ સહિત લગભગ ૧૦,૦૦૦ મંદિરોમાં જન્મ સાથે મંગલ ગીતો ગુંજી ઊઠ્યાં. આ વખતે રામનવમી પર ૨૫ લાખ ભક્ત પહોંચ્યા છે. રામનવમી દરબાર સવારે ૭ વાગ્યે દર્શન માટે ખૂલ્યો હતો. રામલલ્લાના જન્મ બાદ ૧૧ ક્વિન્ટલ પંજીરી, ફળો અને ડ્રાયફ્રૂટ્સનો ભોગ લગાવવામાં આવ્યો હતો.

વિવિધ સ્થળોએ રંગોળી કરવામાં આવી હતી. જન્મભૂમિમાં ભગવાનના જન્મ બાદ આરતી કરવામાં આવી હતી. ત્યાર બાદ થોડા સમય માટે મંદિરના દરવાજા બંધ કરી દેવામાં આવ્યા હતા. બપોરે ૨ વાગે ફરી ખૂલશે.

આ પછી અભિવાદન થશે, એટલે કે મંગળ ગીતો ગાવામાં આવશે અને ભક્તો દર્શન કરશે. નેપાળના જનકપુર એટલે કે માતા સીતાના ઘરેથી ૫૦૦થી વધુ મિથિલાની સખીઓ પણ અયોધ્યા આવી છે. તે હનુમત નિવાસ મંદિરના આચાર્યા ડો. મિથિલેશનંદિના શરણના સાંનિધ્યમાં જનકપુરથી આવી છે.

આજે અમદાવાદ ઈસ્કોન મંદિરમાં પણ હજારો ભકતોની હાજરીમાં રામનવમી તથા ૨૬મો પાટોત્સવ ઉત્સવ યોજાયો છે.

રામનવમી મહોત્સવ તથા ઈસ્કોન મંદિર અમદાવાદનો ૨૬મો પાટોત્સવ નિમિત્તે ઈસ્કોન મંદિરમાં વિશેષ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ભગવાનના ગર્ભગૃહને વિવિધ પ્રકારના ફૂલોથી શણગારવામાં આવ્યું હતું. આ મહોત્સવની શરૂઆત સવારે ૪.૦૩ કલાકે મંગળા આરતી થઈ હતી. ત્યારબાદ ૭.૩૦ કલાકે ભગવાનની શૃંગાર દર્શન આરતી કરવામાં આવી હતી જેમાં ભગવાનને વૃંદાવનથી બનાવેલા નવા વસ્ત્રો તથા આભૂષણો પેહરવામાં આવ્યા હતા.

ત્યારબાદ પ્રભુપાદની ગુરુ પૂજા કરવામાં આવી હતી. ત્યારબાદ ૮.૦૦ કલાકે ભગવાન રામચંદ્રના જીવન ચરિત્ર પર કથા કરવામાં આવી હતી. ૧૧.૩૦ કલાકે સીતા, રામ, લક્ષ્મણ અને હનુમાનજીનો અભિષેક કરવામાં આવ્યો હતો.

ભગવાનને વિવિધ પ્રકારનાં ફળોના રસ, પંચગવ્ય વસ્તુઓ વગેરે સાથે અભિષેક થયો હતો. પછી પુષ્પો દ્વારા અભિષેક થયો હતો, તે પછી ભગવાનને ૪૦૦થી પણ વધારે વિવિધ વાનગીઓ ધરાવવામાં આવી હતી અને રામનવમીના દિવસે વિશેષ બધાજ દર્શનાર્થીઓ માટે ભોજન પ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. મંદિરમાં સતત ૧૨ કલાક હરે કૃષ્ણ મહામંત્રની ધૂન પર કીર્તન કરવામાં આવ્યું હતું અને સાંજે ૭.૩૦ કલાકે ૪ દિવસથી ચાલુ રામ કથાની પૂર્ણહૂતી પણ થઈ હતી. રામ નવમીના તહેવાર નિમિત્તે મંદિર સંપૂર્ણ દિવસ માટે દર્શનાર્થીઓ માટે ખુલ્લું રાખવામાં આવ્યું હતું. ૨૫૦૦થી વધારે દર્શનાર્થીઓએ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો.

### તંત્રી સ્થાનેથી...

# ઉચ્ચ શિક્ષણમાં સુધારો કેવી રીતે કરવો?

બિહાર રાજ્ય ઉચ્ચ શિક્ષણની ખરાબ સ્થિતિને લઈને સમાચારોમાં છે. તાજેતરના તથ્યો દર્શાવે છે કે બિહારમાં ચાલી રહેલી ૧૪ યુનિવર્સિટીઓમાંથી ૮ અને ૫૯૧ કોલેજોમાંથી ૪૨૭ને નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ (દ્ગછછઝ) દ્વારા પણ માન્યતા નથી. ઘણી યુનિવર્સિટીઓ મનસ્વીતા તરફ વળેલી છે. બીઆર, બિહાર યુનિવર્સિટી મુઝફ્ફરપુર અને જેપી યુનિવર્સિટી છપરાએ નિયમો વિરુદ્ધ ઘણી કોલેજોને જોડાણ આપ્યું હતું, જ્યારે તેમની પાસે પૂરતું ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ નહોતું. તિલકા માંઝી યુનિવર્સિટીમાં પ્રી પીએચડીમાં નાપાસ થયેલા ૩૫૪ વિદ્યાર્થીઓ ખોટી રીતે ગ્રેસ માર્કસ આપીને પાસ થયા હતા. પાટલીપુત્ર યુનિવર્સિટીમાં નિયમોનો ભંગ કરીને બે એજન્સીઓને ટેન્ડર અપાયા હતા. તપાસ પર, દેશની ઘણી યુનિવર્સિટીઓમાં સમાન પરિસ્થિતિ જોવા મળે છે. આ માટે ઉચ્ચ શિક્ષણમાં સુધારાની પહેલ કરવાની રહેશે. વિશ્વની ૯૦૦ થી વધુ યુનિવર્સિટીઓનો સૌથી મોટો આધાર હોવા છતાં, ભારતમાંથી માત્ર ૧૫ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ ટોચના ૧૦૦૦માં સામેલ છે. ભારતની ઉચ્ચ શિક્ષણ પ્રણાલી માટે આ ચિંતાજનક સંકેત છે. વિદ્યાર્થીઓની દ્રષ્ટિએ ચીન અને યુનાઈટેડ સ્ટેટ્સ પછી ભારતની ઉચ્ચ શિક્ષણ પ્રણાલી વિશ્વની ત્રીજી સૌથી મોટી છે. જોકે ૭૫ ટકા ઉચ્ચ શિક્ષણ ખાનગી ક્ષેત્રમાં છે,ૈંૈજ,ૈંસ્જ, ૈંૈંસ્જી અને દ્નજી જેવી શ્રેષ્ઠ સંસ્થાઓ સરકાર દ્વારા સ્થાપિત કરવામાં આવી છે. આજે પણ દેશની ઘણી કોલેજો અને યુનિવર્સિટીઓમાં લાયકાત ધરાવતા શિક્ષકો નામના જ છે. તેમની જગ્યાએ આજે પણ માત્ર પૈસા બચાવવા માટે ઓછા પગારમાં અપ્રશિક્ષિત અથવા હંગામી શિક્ષકોની સેવાઓ લેવામાં આવી રહી છે. ઉચ્ચ શિક્ષણ માટે આ મધુર ઝેર છે. આ માટે રાજ્ય સરકારોએ સક્ષમ સ્તરે તપાસ કરાવીને ખામીઓ દૂર કરવી જોઈએ. ઉચ્ચ શિક્ષણનું ધોરણ ઊંચું લાવવા માટે રાજ્ય સરકારોએ શિક્ષકોની નિમણૂક પર વિશેષ ધ્યાન આપવું પડશે. શિક્ષણ ક્ષેત્રે શિક્ષકની ભૂમિકા મહત્વની છે. જાણકાર લાયકાત ધરાવતા શિક્ષકોની ભરતી કરવી અને જાળવવી મહત્વપૂર્ણ છે. આવા શિક્ષકોને વિદ્યાર્થીઓ માટે રોલ મોડલ તરીકે રજૂ કરવાની જરૂર છે. આ સાથે ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં મૂલ્યાંકન સુધારણાની પણ જરૂર છે. ચોક્કસપણે ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા એ વર્તમાનની મુખ્ય સમસ્યા છે. આ ગુણવત્તા મુખ્યત્વે ત્રણ સ્તંભો પર આધારિત છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કુશળ ફેકલ્ટી અને ઈનોવેશન પ્રક્રિયા. આ જાળવવા માટે સરકારી સ્તરે ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ પર પણ સમયાંતરે માર્ગદર્શિકા આપીને અસરકારક રીતે મોનીટરીંગ કરવું જોઈએ, જેથી યુવાનોને સમયસર રોજગાર અને નોકરીની તકો મળી રહે. વર્તમાન યુગમાં શિક્ષણને સંકુચિત અર્થમાં સરકારી સેવાઓમાં દાખલ થવાનું સાધન માનવામાં આવી રહ્યું છે જ્યારે શિક્ષણનો વ્યાપક અર્થ માનવનો સર્વાંગી વિકાસ છે. એક સમયે નાલંદા અને તક્ષશિલા જેવી યુનિવર્સિટીઓ માટે પ્રખ્યાત ભારતમાં ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા આજે કેમ પ્રશ્નાર્થમાં છે? રાજ્ય સરકારોએ ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા પર કામ કરવાની જરૂર છે. ભારત ગામડાઓનો દેશ છે. જેથી શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સરકારે શરૂઆત ગામડાઓથી કરવી જોઈએ. શૈક્ષણિક નેતૃત્વમાં વ્યક્તિગત લાક્ષણિકતાઓ પણ હોય છે જ્યારે શૈક્ષણિક નેતૃત્વ સહયોગી અને પરિવર્તનશીલ કૌશલ્યોની માંગ કરે છે. શૈક્ષણિક શ્રેષ્ઠતા શિક્ષણ, સંશોધન અને શૈક્ષણિક વહીવટમાં સંકલિત કુશળતાની માંગ કરે છે. પરંતુ યુનિવર્સિટીઓના ચાન્સેલર/સ્થાપક અને તેમને ટેકો આપનારા એચઆર નેતાઓમાં આ ક્ષમતાનો અભાવ છે. ઉચ્ચ શિક્ષણમાં પસંદગી માટે ઈન્ટરવ્યુ ઘણીવાર ઔપચારિક હોય છે. વરિષ્ઠ હોદ્દાઓ માટે માત્ર ઉમેદવારના ભૂતકાળના અનુભવ પર ધ્યાન કેન્દ્રિત કરતા તેમના શૈક્ષણિક નેતૃત્વ ગુણોનું મૂલ્યાંકન કરવા માટે કોઈ મુખ્ય પ્રશ્નો વગર માત્ર ૩૦ મિનિટ. આ સુધારવું જોઈએ. મોટાભાગની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં ઉચ્ચ શિક્ષણ પ્રશાસનનું કાર્ય પણ નિરાશાજનક છે, કારણ કે તેઓ સહભાગિતા, જવાબદારી, પારદર્શિતા, સર્વસંમતિ અને સમાવેશ જેવી વિશેષતાઓને અવગણે છે. ભારતીય શિક્ષણનું સંચાલન અતિ-કેન્દ્રીકરણ, અમલદારશાહી માળખા અને જવાબદારી, પારદર્શિતા અને વ્યાવસાયિકતાના અભાવના પડકારોનો સામનો કરે છે. ઉચ્ચ શિક્ષણ પ્રશાસન તેમની બાબતોમાં કોઈ રાજકીય પ્રભાવ કે હસ્તક્ષેપ ઈચ્છતા નથી. અગ્રણી રાજકીય નેતાઓ હવે યુનિવર્સિટીઓની ગવર્નિંગ બોડીમાં મહત્વની ભૂમિકા ભજવે છે. તે સુધારી શકાય છે? કમનસીબે, મોટાભાગની ખાનગી રીતે સંચાલિત ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના પ્રમોટરો લોકોના બદલે ઈમારતો, હાર્ડવેર અને સોફ્ટવેરમાં રોકાણ કરે છે. તેમને એ પણ ખ્યાલ નથી હોતો કે વિદ્યાર્થીઓ ઈમારતોમાંથી નહિ પણ પ્રેરણાદાયી શિક્ષકો પાસેથી શીખે છે. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓએ શૈક્ષણિક અને વહીવટી બાબતોમાં કોમ્પ્યુટર અને હાઈ-સ્પીડ ઈન્ટરનેટ ટેકનોલોજી અપનાવવી પડશે. આપણી શૈક્ષણિક વિતરણ પ્રણાલીએ માનવ મૂડીની સંપત્તિને લોકો સુધી પહોંચાડવી જોઈએ. રાજ્ય સરકારોએ જ્ઞાનની પહોંચને સરળ બનાવવા માટે ટેકનોલોજીકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધુ રોકાણ કરવું જોઈએ. રાજ્ય સરકારોએ માપદંડોને પૂર્ણ ન કરતી કોલેજો અને યુનિવર્સિટીઓ સામે કડક પગલાં લેવા જોઈએ. ઉચ્ચ શિક્ષણમાં શિક્ષકની મહત્વની ભૂમિકા છે. આપણા સમાજમાં શિક્ષક એક ઉદ્યોગસાહસિક અને સર્જક છે. પરંતુ શિક્ષકનું પ્રદર્શન વર્ગખંડ પૂરતું મર્યાદિત ન હોવું જોઈએ. શિક્ષણની નોકરીને વ્યાપકપણે સુરક્ષિત, સારી વેતનવાળી અને જોખમ મુક્ત નોકરી તરીકે ગણવામાં આવે છે. કેટલાક શિક્ષકો બદલવા માંગતા નથી. જેમ જેમ તેઓ અનુભવી થતા જાય છે તેમ તેમ તેઓ સંવેદનહીન બની જાય છે અને વિદ્યાર્થીઓના સ્વભાવ અને જરૂરિયાતો વિશે વિચારતા પણ નથી. આ માટે તમામ શિક્ષકોને આત્મસાક્ષાત્કારની જરૂર પડશે. ઉચ્ચ શિક્ષણ સુધારણાના વિશાળ કાર્યસૂચિના ભાગરૂપે, રાજ્ય સરકારોએ ભારતીય ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ અને ટોચની આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ વચ્ચે સહયોગને પ્રોત્સાહન આપવું જોઈએ. સરકારે બહેતર ગુણવત્તા અને સહયોગી સંશોધન માટે રાષ્ટ્રીય સંશોધન પ્રયોગશાળાઓ અને સર્વોચ્ચ સંસ્થાઓના સંશોધન કેન્દ્રો વચ્ચે જોડાણ બનાવવું જોઈએ. આપણી યુનિવર્સિટીઓએ વિદ્યાર્થીઓને સક્ષમ નાગરિક બનાવવાનો પ્રયાસ કરવો જોઈએ. યુનિવર્સિટીઓ, શિક્ષણ પ્રણાલીની ટોચ પર હોવાથી, વૈશ્વિક પરિપ્રેક્ષ્ય ધરાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. કોઈપણ રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે ઉચ્ચ શિક્ષણ એ મૂળભૂત આધાર છે. નવી શિક્ષણ નીતિ અને નવી ટેકનોલોજીથી શિક્ષણ ઉચ્ચ શિક્ષણની ગુણવત્તામાં વધારો કરી શકે છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવી ટેક્નોલોજી, આ ક્ષેત્રમાં પ્રયોગ અને ઉપયોગ ખૂબ જ અસરકારક સાબિત થશે. ઉચ્ચ શિક્ષણમાં સુધારાને વેગ આપવા માટે બે બાબતો જરૂરી છે. પ્રથમ, કોલેજ અભ્યાસક્રમ નિયમિતપણે અપડેટ થવો જોઈએ અને બીજું, કૌશલ્ય આધારિત શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. નિયમિતપણે અભ્યાસક્રમ અપડેટ કરીને, વિદ્યાર્થીઓ સમય સાથે બદલાતા રહેલ ફેરફારોથી વાકેફ રહેશે. રાજ્ય સરકારોએ તપાસ કરવી જોઈએ કે શું આવું કરવામાં આવી રહ્યું છે? ઘણી યુનિવર્સિટીઓ ઘણા વર્ષોથી તેમના અભ્યાસક્રમને અપડેટ કરતી નથી અને વિદ્યાર્થીઓ જૂના જ્ઞાનમાં સમય બગાડે છે. રોજગારલક્ષી ઉચ્ચ શિક્ષણની વધુ સારી વ્યવસ્થા હોવી જોઈએ. જેના કારણે વિદ્યાર્થીઓ તેમના ભવિષ્યને લઈને મૂંઝવણમાં નહીં રહે. ઉચ્ચ શિક્ષણ સાથે જો તેઓને સ્થાનિક સ્તરે રોજગારી મળે તો તેમનું ભવિષ્ય સુરક્ષિત રહેશે. હાલમાં જે ઉચ્ચ શિક્ષણ અપાય છે તેને વિકાસલક્ષી અને વ્યવસાયલક્ષી બનાવવું પડશે, જેથી સામાજિક, આર્થિક અને રાજકીય સમાનતાના બંધારણીય ધ્યેયો સિદ્ધ કરવામાં મદદ મળી શકે અને વિદ્યાર્થીઓ ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણ મેળવી આત્મવિશ્વાસુ નાગરિક બની શકે.

# વીઆરટીઆઈ દ્વારા ૨૫ ગામોના સન્માન સાથે નોન ફોર્મલ એજ્યુ. સેન્ટર શરૂ કરાયું

ભુજ,

'ગ્રામવિકાસના થયેલા કામોના ફળ આપણે જોઈ રહ્યા છીએ. પાછી આપણી મુખ્ય જરૂરીયાત છે. જમીનમાંથી પાણી ખેંચીએ તેની સામે પાણી ઉતારવું પણ જરૂરી છે. આ માટેના સામૂહિક પ્રયાસો વર્તમાન સમયની માંગ છે. - ગ્રામોત્થાનના પ્રણેતા શ્રી કાંતિસેન શ્રોફ(કાકા)ના શતાબ્દી વર્ષ નિમિત્તે, વી.આર.ટી.આઈ. દ્વારા વિવિધ ગામોમાં સંપન્ન શયેલ જળસંચયની કામગીરી સાથે જોડાયેલ કચ્છના ૨૫ ગામોની ગ્રામપંચાયતો તેમજ અગ્રણીઓને સન્માનવાના યોજાયેલ કાર્યક્રમના અધ્યક્ષ અશ્વિનભાઈ શ્રોફને આ મુજબ જણાવીને ગ્રામોત્થાન ક્ષેત્રે લોકભાગીદારીનું ઉત્તમ દાંત પુરું પડાયું હોવાનું જણાવ્યું હતું,



સંસ્થાના પૂર્વ ટ્રસ્ટી સ્વ. ઉપાબેન શ્રોફના જન્મદિન નિમિતે ઉપાબેન એ.શ્રોફ નોન ફોર્મલ એજયુકેરાન સેન્ટરનું અનાવરણ શાસ્ત્રોકતવિધીથી કર્યા બાદ અશ્વિનભાઈ શ્રોફના હસ્તે ખુલ્લું મુકાયું હતું. કાર્યક્રમના પ્રારંભમાં વી.આર.ટી.આઈ. પ્રા.શાળાના બાળકોએ પ્રાર્થના રજુ કરી હતી.સંસ્થાના ટ્રસ્ટી અશ્વિનભાઈ શ્રોફ, ચૈતન્ય શ્રોફ, કલ્યાણજી ગાલા, અશોક જૈન, ડે.સી.ઈ.ઓ. કમલેન્દુ ભકત એગ્રોસેલના રાજુભાઈ શાહ, સુમીટોમો લી.ના કિરણભાઈ ચાંદવાણી, એગ્રોસેલ-સોલારીશના સી.ઈ.ઓ. યોગિન્દરસિંહ,માંડવી નગરપાલીકા પ્રમુખ હેતલબેન સોનેજી, મામલતદાર માધુભાઈ પ્રજાપતિ, જિલ્લા પંચાયત સદસ્ય મહેન્દ્ર ગઢવી, કીર્તિ ગોર, નિકિત દેસાઈ તથા મેમણ અબ્દુલકરીમ મામદનું સન્માન કરાયા બાદ સંસ્થાના ડે.સી.ઈ.ઓ. કમલેન્દુ ભકતએ સૌને આવકાર સાથે મહેમાનોનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમ સંયોજક એસ કે. પારેગીએ પૂ.કાકાની જન્મ શતાબ્દી વર્ષ ૨૦૨૨ દરમ્યાન ૪૮ તળાવો -ચેકડેમોના જળસંચયની કામગીરી પૂર્ણ કરી હોવાનું જણાવીને ઉપાબેન એ.શ્રોફ નોન ફોર્મલ એજયુકેશન સેન્ટરમાં ખેતીવાડી, શિક્ષણ તેમજ ગ્રામોત્થાનની વિવિધ પ્રવૃતિઓની તાલીમ માટે આનુસંગિક સુવિધાઓથી માંડીને તજજ્ઞની સેવાઓ ઉપલબ્ધ બનશે તેની માહિતી આપી હતી. ગૌરધન પટેલ કવિએ કેન્દ્ર તથા રાજય સરકારની વિવિધ યોજનાઓ ધ્વારા સંસ્થા મારફતે જળસંચયની થયેલ કામગીરીની માહિતી આપી હતી. જિલ્લા પંચાયત સદસ્ય મહેન્દ્ર ગઢવીએ શ્રોફ ફેમિલી સાથેના પૂર્વના સંસ્મરણો વાગોળીને સંસ્થાની ગ્રામવિકાસ પ્રવૃતિની સરાહના કરી હતી. ચેતન્ય શ્રોફને સામાજીક ઉત્થાનના કાર્યમાં હંમેશા શ્રોફ પરિવાર આગળ હોવાનું જણાવ્યું હતું.

કલ્યાણજીભાઈ ગાલાએ જીવનમાં ઉપયોગી જ્ઞાન, ગમ્મત, સ્વાસ્થ્ય અને સંસ્કારનું મહત્વ હોવાનું જણાવીને તે દિશામાં પણ સક્રિય થવા અનુરોધ કર્યો હતો. એગ્રોસેલના રાજુભાઈ શાહે સામાજીક વિકાસમાં સહયોગીઓને સાથે રાખવાની પરંપરા શ્રોફ પરિવારની હોવાનું જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં માંડવી તાલુકાના મસ્કા, બાગ, મોટી રાયણ, ડોણ, કાઠડા, ગુંદિયાળી, મમાયમોરા, નાના આસંબિયા, પદમપર, પુનડી, શિરવા, કોડાય, રામપર વેકરા, મુન્દ્રા તાલુકાના ડેપા, ટપ્પર, નખત્રાણા તાલુકાના નાગલપુર,ગીચડા, ગોધરઈ મોટી, કોટડા(રોહા), ભુજ તાલુકાના ખારી, સુમરાસર, ભારાસર અને અબડાસા તાલુકાના ભવાનીપર, રામપર(અબડા), ઐડા વિગેરે ગ્રામપંચાયતોના સરપંચો તથા અગ્રણીઓનું સન્માન કરવા ઉપરાંત ઉપાબેન શ્રોફ નોમ ફોર્મલ એજયુકેશન સેન્ટર નિર્માણમાં સહયોગી બનનાર નરશીભાઈ પટેલ, રજાકભાઈ ચાકી, જગદીશ ચૌહાણ, વસંત મહેશ્વરીનું સન્માન કરવામાં આવ્યું હતું, વિવિધ ગામોના આગેવાનો વતી કીર્તિ ગોર(મસ્કા), પ્રેમચંદ છેડા(નાના આસંબીયા), અરવિંદ મોતા(બાગ)એ પોતાના પ્રતિભાવમાં વી.આર.ટી.આઈ. ધ્વારા થયેલ જળસંચયની કામગીરીની સરાહના કરી હતી. અનિવાર્ય સંજોગોના કારણે ટ્રસ્ટી જે.એસ.ગોસલીયા હાજર ન રહેતા શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમનું સંચાલન રમેશ ગોરે કર્યું હતું અને આભારવિધી મલય જોશીએ કરી હતી. આ કાર્યક્રમમાં સર્વશ્રી અરવિંદ જોષી, લીલાધર ગડા, લાલ રાંભિયા, સુમીટોમોના નિખીલ જોષી, વિનોદ પટ્ટણી, યુ.એન.ટાંક, લખમશીભાઈ મંગે, વિનય ટોપરાણી, તેજશ વાસાણી વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ભુજની શાળા નં. ૧૨માં બાળકોને શૈક્ષણિક કીટ આપી જન્મદિવસ ઉજવ્યો

ભુજ,

શાળા નં. ૧૨ માં યોજાયેલ શૈક્ષણિક પ્રવૃતિમાં ઘણા લાંબ સમય બાદ આવા નાના શૈક્ષણિક કાર્યક્રમમાં જવાની તક મળી એ માટે શાળા પરિવારને પ્રવચન કરતા ભુતપૂર્વ ધારાસભ્ય શ્રી મહેશભાઈ ઠક્કરે અભિનંદન પાઠવ્યા હતા. શાળામાં થતી ઈતર અને શૈક્ષણિક પ્રવૃતિમાં શિક્ષકો જે કાર્ય કરે છે. તેને વંદનીય ગણાવ્યું હતું.



પોતાની પૌત્રી ખુશી મેહુલભાઈ ઠક્કરના જન્મદિવસની પૂર્વ સંધ્યાએ યોજાયેલ કાર્યક્રમમાં શ્રી મહેશભાઈ ઠક્કર, મેહુલભાઈ મહેશ ઠક્કર, તન્વીબેન મેહુલભાઈ ઠક્કર, શિક્ષક અગ્રણી શ્રી રશ્મિકાંત પંડયા કન્યાશાળાના આચાર્ય શ્રી ડૉ.નરેન્દ્રભાઈ અદેપાલ, પ્રદિપભાઈ જોશી ની ઉપસ્થીતીમાં યોજાયેલ કાર્યક્રમમાં પ્રારંભમાં શ્રી વિજયભાઈ માણેકે સ્વાગત કર્યું હતું શાળાના આચાર્ય શ્રી પ્રેમકુમાર ગજરા, તથા ડૉ.નરેન્દ્રભાઈ અદેપાલે મહેમાનોનું પુસ્તક ભેટ આપી સન્માન કર્યું હતું. શાળા પરિવાર બાળ પરિવારે ખુશીને જન્મદિવસની શુભેચ્છા આપી પ્રતિક ભેટ આપી હતી. ઠક્કર પરિવાર દ્વારા ખુશીના જન્મદિવસની ખુશાલીમાં શાળાના તમામ વિદ્યાર્થિઓને શૈક્ષણિક કીટ ભેટ આપવામાં આવી હતી. જ્યારે પ્રદિપભાઈ જોષીએ સેવ બુંદીનો નાસ્તો આપી જન્મદિન માટે ખુશી વ્યક્ત કરી હતી. તન્વી મેહુલભાઈ ઠક્કરે શાળાને જરૂરિયાત મુજબ સહયોગ આપવા ખાત્રી આપી હતી. રશ્મિકાંત પંડયાએ ઠક્કર પરિવાર આવી સરસ નાની પણ ઉપયોગી પ્રવૃતિને બિરદાવી હતી. અને મહેશભાઈ ઠક્કરની કરેલ કામગીરીને યાદ કરી હતી. મોટી વય હોવા છતાં બાળકોની હિતની પ્રવૃતિમાં રસ દાખવે છે. એ સરાહનીય છે તેવું જણાવ્યું હતું. ભુજ શાળાનં. ૧૨ શાળા પરિવારે દાતાશ્રીનો આભાર માન્યો હતો.

# ભુજ ખાતે કુપોષણ નિવારણ કેમ્પ તથા સુવર્ણપ્રાશન સંસ્કાર કેમ્પ યોજાશે

ભુજ,

સરકારી આયુર્વેદ હોસ્પિટલ, ભુજ ખાતે તા.૩૦/૦૩/૨૦૨૩ના ગુરુવારના અને ૩૧/૦૩/૨૦૨૩ના શુક્રવારના રોજ પુષ્યનક્ષત્રના દિવસે સુવર્ણપ્રાશન કેમ્પ યોજવામાં આવશે. જેમાં જન્મથી ૧૨ વર્ષની ઉમર સુધીના બાળકોના શારીરિક તથા માનસિક વિકાસ અર્થે અતિ ઉત્તમ એવા સુવર્ણ પ્રાશનનાં ટીપાં નિઃશુલ્ક ૩૦/૦૩/૨૦૨૩ સવારે ૮:૩૦ થી ૧૨:૩૦ તથા ૩૧/૦૩/૨૦૨૩ના સવારે ૮:૩૦ થી ૧૨:૩૦ અને સાંજે ૪:૦૦ થી ૫:૩૦ પીવડાવવામાં આવશે તથા કુપોષણ નિવારણ કેમ્પ કરવામાં આવશે જેમાં કુપોષિત/નબળા બાળકોને તથા લોહીની ઉણપ ધરાવતા બાળકોને શકિતવર્ધક તેમજ રકતવર્ધક આયુર્વેદિક તથા હોમિયોપેથી દવાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે.

સુવર્ણપ્રાશનના ફાયદાઓ સુવર્ણપ્રાશન મેધા (બુધ્ધિ), અગ્નિ અને બળ વધારવા વાળું છે. તે આયુષ આપવા વાળુ, કલ્યાણકારક, પુણ્યકારક, વૃષ્ય (શરીર સુદ્રઢ કરનાર), વર્ણ્ય (શરીરના વર્ણને ઉજળો કરનાર ) તથા ગ્રહબાધાને દૂર કરવાવાળુ છે. સુવર્ણપ્રાશનથી બાળકનું રોગોથી રક્ષણ થાય છે અને તે છ માસમાં સૃતધર (સાંભળેલી વાતને યાદ રાખવાવાળું) બને છે. અર્થાત તેની સ્મરણશક્તિ ખુબ જ વધે છે તેવું વૈદ્ય પંચકર્મ વર્ગ-૧ સરકારી આયુર્વેદ હોસ્પિટલ, ભુજ-કચ્છ દ્વારા જણાવાયું છે.

# માધાપરમાં જૈન સમાજ દ્વારા ખેલો વીબીસી-૨૦૨૩ યોજાયો

ભુજ

આજનો યુવા મોબાઈલ, કોમ્પ્યુટર, ટીવીમાં કાર્યરત છે ત્યારે સમાજના બાંધવોમાં સ્નેહનો વધારો થાય તેમજ સમાજને પ્રવૃત્તિમય રાખવા વાગડ બે ચોવીસી સ્થાનકવાસી જૈન સમાજ માધાપર દ્વારા સતત સાતમા વર્ષે ખેલો વી.બી.સી.-૨૦૨૩ તથા સ્નેહમિલનનું આયોજન કરાયું હતું.



માધાપર સમાજ પ્રમુખ સુરેશ મહેતા, યુવક મંડળ પ્રમુખ હિતેશભાઈ ખંડોર, મહિલા મંડળ મંત્રી મીતાબેન ખંડોર, મંચસ્થ હોદ્દેદારોએ દીપ પ્રાગટ્ય કર્યું હતું. અપેક્ષા કોટડીઆ તથા ટ્વિંકલ કોટડીયાએ નવકાર મંત્ર દ્વારા પ્રારંભ કર્યો હતો. ઉપપ્રમુખ વસંતલાલ ભાભેરાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. મહેશ ખંડોર, હિતેશ ખંડોર, અલકા ખંડોર, નીતિન મહેતાએ સમાજ દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિથી પરિવારોમાં એકતાનો વધારો થાય છે તેમ જણાવ્યું હતું. પ્રમુખે આવા કાર્યક્રમથી બુદ્ધિ કૌશલ્યનો વિકાસ, માનસિક એકાગ્રતા તથા સમાજમાં ખેલદિલીની ભાવના બળવતર બને છે તેમ જણાવી આગામી કાર્યક્રમની જાણકારી આપી હતી.

પ્રોજેક્ટ ચેરમેન કમલ દોશી તથા સહયોગી હેત ભાભેરા, વિનય મહેતાએ વિવિધ રમતો યોજી હતી. મિતેશ ખંડોર, સુમિત કુબડીયાએ ફોટોગ્રાફી કરી હતી. આઈસ કેન્ડીનો લાભ વસંતલાલ ભાભેરાએ લીધો હતો. બાળકોમાં સાપસીડી, કોથળાદોડ, લીંબુ ચમચીમાં જેનીશ શાહ, કાશ્વી ખંડોર, ઋતવી ખંડોર, ક્રિશિવ ખંડોર, હિવાન મહેતા વિજેતા થયા હતા.

સિક્વન્સમાં પ્રિયા ભાવેરા હની ભાભેરા દ્વિતીય તથા ખુશાલી મહેતા, લબ્ધિ ખંડોર પ્રથમ રહ્યા હતા. લેડીઝમાં મીંડી કોટમાં મીતા ખંડોર, ભાવના મહેતા પ્રથમ તથા લક્ષ્મીબેન મહેતા, શીતલ મહેતા દ્વિતીય રહ્યા હતા. જેન્ટ્સ મીંડી કોટમાં પાવન કોરડીયા, ઋષભ કોરડીયા પ્રથમ તથા હર્ષ દોશી, રાજન ખંડોર દ્વિતીય રહ્યા હતા. નોટ રમમાં હર્ષ દોશી, રાજન ખંડોર પ્રથમ તથા ભરત ખંડોર, જીગ્નેશ કોરડીયા દ્વિતીય થયા હતા.

તમામ વિજેતાઓને રોકડ પુરસ્કારથી સન્માનિત કરાયા હતા. કાર્યક્રમમાં અંત સુધી ઉપસ્થિત રહેનારને ૫ લકી ડ્રો દ્વારા ઈનામ અપાયા હતા. કમલેશ કોરડીયા, ભુપેન્દ્ર બાબરીયા, કાંતિ ખંડોર, ભરત ખંડોર, હર્ષદ વોરા વગેરે જહેમત ઉઠાવી હતી. સંચાલન મહેશ ખંડોર તથા આભાર વિધિ કમલ દોશીએ કરી હતી. કાર્યક્રમમાં સમાજના મોવડીઓ સહિત મોટી સંખ્યામાં ભાઈ-બહેનો, બાળકો હાજર રહ્યા હતા.

# માંડવીમાં સમસ્ત જૈન સંઘના ઉપક્રમે મંગળવારથી પાંચેયગચ્છની ચૈત્ર માસની શાશ્વતી આયંબિલ તપની ઓળીનો શુભારંભ થયો



માંડવી,

બંદરીય માંડવી શહેરમાં સમસ્ત જૈન સંઘના ઉપક્રને તા.૨૮-૩ ને મંગળવારથી પાંચેયગચ્છની ચૈત્રમાસની શાશ્વતી આયંબિલ તપની ઓળીનો શુભારંભ થયો છે.

પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી યશોવિજય સુરીશ્વરજી મ.સા. તથા પ.પૂ.પંન્યાસ પ્રવર દિવ્યયશ મ.સા. આદિ ઠાણા છ કોટી સ્થાનકવાસી જૈનસંઘમાં ત્રિગુણ સ્થવીરા પ.પૂ.હંસાબાઈ મહાસતીજી આદીઠાણા-૨ ,પ.પૂ.કોમલબાઈ મહાસતીજી આદીઠાણા-૨, આઠકોટી મોટીપક્ષ જૈન સંઘમાં પ.પૂ.અંજનાબાઈ મહાસતીજી ઠાણા-૨ અને આઠકોટી નાનીપક્ષ જૈનસંઘમાં પ.પૂ. ચંદ્રિકાબાઈ મહાસતીજી આદીઠાણા-૩ ની પાવન નિશ્રામાં તા.૨૮-૩ થી તા.૬-૪ સુધી ૧૦ દિવસ આયંબિલ તપની ઓળી સંપન્ન થયા બાદ તા.૭-૪ ને શુક્રવારના સવારના ૮ વાગ્યે જૈનપુરીમાં સામુહિક પારણા થશે.

આયંબિલ તપની ઓળીનો સંપૂર્ણ લાભ માતુશ્રી સરસ્વતીબેન રમણીકલાલ મહેતા પરિવાર (હસ્તે :શ્રીમતી કલ્પનાબેન તરૂણભાઈ મહેતા ,ભક્તિ મહેક મહેતા, ધ્યાની અને હિતાર્થે લીધેલ છે. આયંબિલ તપની ઓળીના પ્રથમ દિવસે માંડવીના પાંચેય ગચ્છના રેકર્ડ રૂપ કુલ ૩૦૦ ભાવિકોએ આયંબિલ તપની આરાધના કરી હોવાનું દિનેશભાઈ શાહ અને જયેશભાઈ જી.શાહે જણાવ્યું હતું.

બપોરના ૧૨ કલાકે પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી યશોવિજયજી મ.સા. જૈનપુરી મધ્યે સૌ આરાધકોને માંગલીક સંભળાવી આયંબિલ તપ કરવાથી થતા ફાયદા વિશે વિગતે સમજણ આપી હતી. આજે માંડવીના બે નાત જૈન જ્ઞાતિના પ્રમુખ મેહુલભાઈ શાહ, માંડવી તપગચ્છ જૈન સંઘના શ્રેષ્ઠી વર્ય શ્રી ભરતભાઈ મહેતા (ડગાળાવાલા) જૈન નગરસેવકો પારસભાઈ સંઘવી અને લાંતિકભાઈ શાહ, તમામ ગચ્છના અગ્રણીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થીત રહીને સહયોગી રહ્યા હોવાનું તપગચ્છ જૈન સંઘના પ્રમુખ ઉપસ્થીત રહીને સહયોગી રહ્યા હોવાનું તપગચ્છ જૈન સંઘના પ્રમુખ ચંદ્રેશભાઈ શાહે જણાવ્યું હતું.

# સરકારી આયુર્વેદ હોસ્પિટલ ભુજ દ્વારા આયોજીત અમૃત પેય ઉકાળા – કેમ્પ

ભુજ,

સરકારી આયુર્વેદ હોસ્પિટલ, પોલીસ પરેડ ગ્રાઉન્ડની સામે, સરપટ નાકા, ભુજ - કચ્છ. સમય : સવારે ૯=૦૦ થી ૧૨=૦૦ સુધી તથા સાંજે ૪=૦૦ થી ૬=૦૦ સુધી. દરરોજ તેમજ આશાપુરા મંદિર, સોનીવાડ, ભુજ - કચ્છ. ખાતે સમય : સવારે ૯=૦૦ થી ૧૨=૦૦ સુધી તા. ૨૭/૦૩/૨૦૨૩ થી તા. ૦૧/૦૪/૨૦૨૩ સુધી તેમજ એસ.ટી. ડેપો, ભુજ - કચ્છ. સમય : સવારે ૯=૦૦ થી ૧૨=૦૦ સુધી. તા. ૨૭/૦૩/૨૦૨૩ થી તા. ૦૧/૦૪/૨૦૨૩ સુધી સિઝનલ ફ્લુ તેમજ કોરાના સંક્રમિત રોગો સામે રક્ષણ મેળવવા તથા રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે અતિ ઉત્તમ એવા સ્વાસ્થ્ય વર્ધક અમૃત પેય ઉકાળો, જેનું નિઃશુલ્ક ઉપરોકત સમયે પીવડાવવાનું આયોજન કરવામાં આવેલ છે. તો આનો લાભ લેવા વૈદ્ય પંચકર્મ વર્ગ -૧ સરકારી આયુર્વેદ હોસ્પિટલ, ભુજ - કચ્છ દ્વારા જાહેર જનતાને અનુરોધ કરાયો છે.

# નાગરિક સંરક્ષણ દળના માનદ વોર્ડન સભ્યો જો

ભુજ,

નાગરિક સંરક્ષણ દળ ભુજમાં માનદ સભ્ય તરીકે વર્ષ ૨૦૧૭ તેમજ તે પહેલાના અને વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૦ સુધી નિમણુંક પામેલા માનદ વોર્ડન સભ્યો દળમાં સેવા ચાલુ રાખવા માંગતા હોય તેઓએ હુકમ રિન્યુ કરવા માટે નાગરિક સંરક્ષણ કચેરી, ભુજની કચેરી સમય દરમિયાન ફોન નં.૦૨૮૩૨-૨૩૦૬૦૩ ઉપર સંપર્ક કરી રીન્યુ માટે જરૂરી આધાર પુરાવા સાથે મોડામાં મોડી ૧૫મી એપ્રિલ-૨૦૨૩ સુધી અરજી આપવાની રહેશે. ત્યારબાદ બાકી રહેતા માનદ વોર્ડન સભ્યોને નિષ્ક્રીય ગણી નિયમોનુસાર સભ્ય પદ રદ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું તાલીમ અધિકારી, નાગરિક સંરક્ષણ, ભુજ-કચ્છ દ્વારા જણાવાયું છે.

# આરાધનાભવન જૈન સંઘ ભુજમાં સાતેય સંઘના આરાધકો માટે ચૈત્રી શાશ્વતી ઓળીનો શુભારંભ

ભુજ,

શ્રી આરાધનાભવન જૈન સંઘ ભુજના આંગણે અને ઉપક્રમે સમતા નિધિ પ.પૂ.સા. ભદ્રગુપ્તાશ્રીજી મ.સા. આદી ઠાણાની પાવન નિશ્રામાં તા.૨૯-૩ થી શ્રી સાતેય સંઘના આરાધકો માટે ભવોભવના તન-મન-રોગોનો નાશ કરનાર ચૈત્રી શાશ્વતી ઓળીનો શુભારંભ કરાયો છે.

આ શાશ્વતી ઓળીનો પ્રથમ દિવસની વ્યાખ્યાન માળામાં પ.પૂ. આ.ભગવંતે મંત્રાધીરાજ નવકાર મહામંત્રના નવપદને શાશ્વત ગણાવતાં પ્રથમ શ્રી અરિહંત પદ પર વિવેચન કર્યું હતું. અને અરિહંત પરમાત્માને સમગ્ર વિશ્વના કલ્યાણની ચિંતા કરનાર સર્વ ગુણોનો શાશ્વત સ્વરૂપ સર્વોત્કૃષ્ટ જ્ઞાનનો પુંજ પરમ ઐશ્વર્યનું ધામ તેમજ રાગ દ્વેષ કામ,ક્રોધ, આદી આંતર શત્રુઓનો નાશ કરનાર કલ્યાણ મિત્ર ગણાવ્યા હતા. ૨૯-૩ થી શરૂ થયેલ શાશ્વતી ઓળીની પૂર્ણાહુતિ તા.૬-૪ ના થશે અને ૭-૪ ને શુક્રવારના તપસ્વીઓનો પારણા મહોત્સવ યોજાશે. આ શાશ્વતી ઓળી કરાવવાનો તપસ્વીઓના પારણા સહિતનો સંપૂર્ણ લાભ સ્વ.જયંતિલાલ ઠાકરશીભાઈ મહેતા હસ્તે માતુશ્રી કંચનબેન ઠાકરશીભાઈ પ્રાગજીભાઈ મહેતા પરિવારે લીધો હોવાનું તેમજ આજના પ્રથમ દિવસે ૪૧૮



આરાધકોએ પૂ. ગુરૂદેવના મુખે આયંબિલના પ્રત્યાખ્યાન લીધા હોવાનું સંઘના માનદમંત્રી ધીરજલાલ મહેતા તથા મિડીયા કન્વીનર વી.જી.મહેતાએ સંયુક્ત યાદીમાં જણાવ્યું હતું. આ નવ દિવસીય આરધનાને સુપેરે પાર પાડવા સંઘના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કમલભાઈ મહેતાની રાહબરી હેઠળ મંત્રી શ્રી હોદેદારશ્રીઓ, ટ્રસ્ટીમંડળ, યુવાવર્ગ, દાતા પરિવારના સભ્યો, રસોડા કમિટિના સભ્યો વિગેરે ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

# ૨-૪નાં ભુજ મધ્યે સતત ત્રીજા વર્ષે નિઃશુલ્ક છાસ કેન્દ્રનું લોકાર્પણ કરાશે

ભુજ,

છેલ્લા ૧૩ વર્ષ થયાં વિવિધ સેવા ક્ષેત્રે સતત કાર્યરત જૈન સેવા સંસ્થા નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્ર ભુજના ઉપક્રમે દાતાઓના સહયોગથી તા.૨-૪ રવિવારના રોજ સતત ત્રીજા વર્ષે લાલટેકરી પોઈન્ટ પર ભુજ મધ્યે વટેમાગૃઓ રાહદારીઓ વિગેરે માટે નિઃશુલ્ક છાસ કેન્દ્રનું લોકાર્પણ કરાશે.

તા.૨-૪ રવિવારના સવારે ૮-૧૫ કલાકે પુ. સાધુ ભગવંતોની નિશ્રામાં યોજાનાર લોકાર્પણ કાર્યક્રમમાં પ્રથમ ચરણમાં પુ. ગુરૂભગવંતો મંગલાચરણ ફરમાવી આશીર્વાદ આપશે.ત્યારબાદ સંસ્થાના પ્રમુખ વી.જી.મહેતાના અધ્યક્ષ સ્થાને અને દાતાશ્રીઓ આમંત્રીત મહાનુભાવો શ્રેષ્ઠી વર્યો સંસ્થાના કાર્યકરો વિગેરેની ઉપસ્થીતીમાં તેમના વરદ હસ્તે આ નિઃશુલ્ક છાસ કેન્દ્રનું લોકાર્પણ કરાશે.

તાજેતરમાં સંસ્થાના પ્રમુખ વી.જી.મહેતાના નેતૃત્વમાં સંસ્થાના કાર્યકરોની મીટીંગનું આયોજન કરાયું હતું. જેમાં આ નિ :શુલ્ક છાસ કેન્દ્ર સળંગ ૩ માસ સુધી ચાલુ રાખવાનો અને તેના માધ્યમથી દરરોજ ૧૨૦૦ થી ૧૫૦૦ જેટલા જરૂરતમંદ વટેમાગૃઓ, રાહદારીઓ વિગેરેની ઉનાળાનું અમૃત છાસ પાન દ્વારા ભક્તિ કરવાનું નક્કી કરાયું હતું.

તેવું પ્રોજેક્ટ ચેરમેન હિરેન દોશી અને શાંતિલાલ મોતાએ જણાવ્યું હતું. આ મીટીંગમાં સુરેશ સોમૈયા, ચિંતન મહેતા, અરવિંદ દાત્રાણીયા, વિનોદ દોશી, કૌશીક મહેતા, અસોક વોરા, કે.બી.પરમાર, ઓજસ શેઠ વિગેરે કાર્યકરો ઉપસ્થીત રહ્યા હતા.

# માંડવી લોહાણા બોર્ડીંગ મધ્યે નેત્રયજ્ઞ કેમ્પમાં ૧૪૨ દર્દીઓની ચકાસણી કરવામાં આવી

માંડવી,

શ્રી માંડવી લોહાણા બોર્ડીંગ દ્વારા આયોજીત અને પૂ. શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ ના સહયોગથી સર્વે જ્ઞાતિજનો માટેનો ૪૬ મો નિઃશુલ્ક નેત્રયજ્ઞ યોજાયેલ, જેમાં કેમ્પના સહયોગી દાતાશ્રી સ્વ. કરશી પ્રધાન ફોફીંડી પરિવાર, હસ્તે. અશોકભાઈ, (પ્રમુખશ્રી ખારવા સમાજ, માંડવી ) ના સહયોગ થી સર્વે જ્ઞાતિજનો માટે આ નેત્રયજ્ઞ યોજાયેલ જેમાં જુદા-જુદા સમાજના લોકોએ બહોળી સંખ્યામાં લાભ લીધેલ. જેમાં કુલ્લ ૧૪૨ દર્દીઓની આંખની ચકાસણી કરવામાં આવેલ, જે પૈકી ઓપરેશન ને લાયક ૪૨ લોકોને મોતીયાના ઓપરેશન ને લાયક દર્દીઓને રાજકોટ ઓપરેશન માટે બસ માં લઈ જવામાં આવેલ. તેમજ આ કેમ્પ ની સાથે કચ્છ જીલ્લા પંચાયત આયુર્વેદિક વિભાગ દ્વારા હઠીલા જુના રોગો માટે આયુર્વેદિક દવાઓ નિઃશુલ્ક આપવામાં આવે છે. જેમાં ૩૧ જેટલા દર્દીઓને તપાસી અને એક માસની દવા તથા ક્રીમ વીગેરે તેમને નિઃશુલ્ક આપવામાં આવેલ

આ કેમ્પની શરૂઆત નેત્ર જયોતરૂપી દિપ પ્રાગટય કરીને કરવામાં આવેલ. જેમાં કાર્યક્રમના અધ્યક્ષ શ્રી હરિશભાઈ ગણાત્રા, સહયોગી દાતા પરિવાર વતી ઉપસ્થિત રહેલ શ્રી અશોકભાઈ ફોફીંડી (પ્રમુખશ્રી ખારવા સમાજ, માંડવી), ગં. સ્વ. ભારતીબેન ફોફીંડી, શ્રી સુરેશભાઈ ફોફીંડી, અતિથિવિશેષ શ્રીમતિ તૃપ્તિબેન મકવાણા, (નાયબ ઈજનેર-પી.જી.વી.સી.એલ. માંડવી ), મેડીકલ કેમ્પ ના કન્વીનરશ્રી શશીકાંતભાઈ ચંદે, મંત્રીશ્રી જયેશભાઈ સોમૈયા, સહમંત્રીશ્રી હસમુખભાઈ ઠક્કર, ખજાનચીશ્રી જયંતભાઈ કોઠારી, શ્રી દિનેશભાઈ કોટક, શ્રી મહેન્દ્રભાઈ ચોથાણી, પૂ. શ્રી રણછોડદાસજી ચેરીટેબલ ટ્રસ્ટ ના ડો.શ્રી બળવંત સાહેબ, લેબ ટેકનિશીયનશ્રી ભટ્ટભાઈ રાજકોટ, ડો. અનિતાબેન ગોજીયા, ડો. યશ્વીબેન અસારી, વિ. દ્વારા કરવામાં આવેલ.

શ્રી માંડવી લોહાણા બોર્ડીંગ ના પ્રમુખશ્રી હરિશભાઈ ગણાત્રા એ પોતાના વ્યક્તવ્ય માં જણાવેલ કે, આજથી ચાર વર્ષ પહેલાં આ નેત્રયજ્ઞ ની શરૂઆત કરવામાં આવેલ, અને આ નેત્રયજ્ઞ કેમ્પ સર્વે જ્ઞાતિજનો માટે દર મહીના ની ૧૯ મી તારીખે યોજવામાં



આવે છે. જેમાં અત્યાર સુધી લગભગ ૨૫૦૦ થી વધુ સફળ ઓપરેશન આ કેમ્પ મારફતે કરવામાં આવેલ છે. આ કેમ્પ માં જતાં દર્દીઓને હોસ્પિટલ ની બસ દ્વારા અત્રેથી મોકલવામાં આવે છે, અને ઓપરેશન થઈ ગયા બાદ દર્દીઓને વળતાં હોસ્પિટલ ની બસ દ્વારા પરત માંડવી મુકી જવાની વ્યવસ્થા ગોઠવવામાં આવે છે, રાજકોટ હોસ્પિટલ માં દર્દીઓની ઘર ના વ્યકિત જેવી સારસંભાળ લેવામાં આવે છે. આ તમામ સેવાઓ નિઃશુલ્ક કરવામાં આવે છે. આ કેમ્પનો વધુમાં વધુ લોકો લાભ લે અને સમગ્ર કચ્છ ને મોતિયો મુક્ત કરવાના અભિયાન ને વેગ મળે તે માટે અનુરોધ કરેલ.

દાતા પરિવાર વતી ઉપસ્થિત શ્રી ખારવા સમાજ માંડવીના પ્રમુખશ્રી અશોકભાઈ ફોર્ડીંડી એ આ કેમ્પની કામગીરી તથા આયોજન થી પ્રભાવિત થયેલ,અને નિવૃત્તી ની વર્ષ આ સેવાકીય પ્રવૃતિ માં વડીલશ્રી હરિશભાઈ અને તેમની ટીમ ના સીનીયર સીટીઝનો અને અન્ય સ્વયં સેવકો સહિતની તમામ ટીમની કામગીરી ને બીરદાવતાં પોતાના લાયક આવી સેવાકીય કામગીરી માટે હંમેશા તૈયાર રહેશે અને તેમના તરફથી પુરતો સાથ સહકાર મળવાની ખાત્રી આપેલ.

શ્રી માંડવી લોહાણા બોડીંગના ખાસ આમંત્રણ ને માન આપીને અતિશિવિશેષ તરીકે પધારેલા ગાયત્રી ઉપાસક શ્રીમતિ તૃપ્તિબેન મકવાણા (નાયબ ઈજનેર-પી.જી.વી.સી.એલ.-માંડવી) એ આ સેવાકીય કેમ્પના આયોજન થી ખુબ જ પ્રભાવિત થયેલ અને શ્રી માંડવી લોહાણા બોર્ડીંગ દ્વારા થતી આ સુંદર સેવાકીય પ્રવૃતિને બિરદાવેલ. તેમના તરફથી શ્રી માંડવી લોહાણા બોર્ડીંગ ને આરોગ્ય

ફંડ માટે રૂ. ૫,૦૦૦/- નું ડોનેશન જાહેર કરેલ અને આવી સેવાકીય પ્રવૃતિ માટે જરૂર પડયે હંમેશા તેમનો સાથ-સહકાર મળી રહેશે તેવી ખાત્રી આપેલ.

શ્રી કચ્છ જીલ્લા પંચાયત ના મેડીકલ ઓફીસરશ્રી ડો.અનિતાબેન ગોજીયા એ તા. ૨૫-૦૩-૨૦૨૩ ના રોજ માંડવી મધ્યે પુરી માં યોજાનાર નિઃશુલ્ક સર્વ રોગ નિદાન સારવાર

કેમ્પ (આયુર્વેદિક અને હોમીયોપેથી ) " આયુષ મેળા" નું સર્વે લોકો લાભ લે તેવી અપીલ કરેલ. શ્રી માંડવી લોહાણા બોડીંગ ના મંત્રીશ્રી જયેશભાઈ સોમૈયાએ વધુ માહિતી આપતા જણાવેલ કે, શ્રી માંડવી લોહાણા બોર્ડીંગ દ્વારા દર મહીનાની ૧૯ મી તારીખે સર્વે જ્ઞાતિજનો માટે આ નિઃશુલ્ક નેત્રયજ્ઞ નું આયોજન કરવામાં આવે છે. જેમાં જુદા-જુદા સહયોગી દાતાઓનો સાથ-સહકાર મળે છે. આ કેમ્પ માટે જુલાઈ-૨૦૨૬ સુધીના સહયોગી દાતાઓનું લીસ્ટ આ સંસ્થા પાસે ઉપલબ્ધ છે. જે આ કેમ્પ માં થતી કાર્યવાહીની વિશ્વસનિયતા સાબીત કરે છે. આ સંસ્થા દ્વારા સેવા, શિક્ષણ-આરોગ્ય ક્ષેત્રે અનેક વિધ પ્રવૃતિઓ દ્વારા વિવિધ સેવાકીય કાર્યો કરવામાં આવે છે. આ સંસ્થા પાસે જેવા કે વ્હીલચેર, ફલેક્ષીબલ બેડ, ઓક્સિજન કોન્સિલેટર્સ, વિ. જેવા તમામ મેડીકલ સાધનો સર્વે જ્ઞાતિજનો ને વપરાશ માટે આપવામાં આવે છે. જેનો બહોળા પ્રમાણમાં સો લાભ લે તેના માટે અનુરોધ કરવામાં આવેલ. આવતા મહીનાનો તા. ૧૯-૦૪-૨૦૨૩ નો કેમ્પ નામ જાહેર ન કરવાની શરતે એક રઘુવંશી પરિવારે જય જલારામ " ભકત તરફથી સહયોગી દાતા તરીકે રહેશે. તેવું જાહેર થયેલ. આ કેમ્પ માં કોડાય લોહાણા મહાજન ના પ્રતિનિધિ શ્રી હરેશભાઈ કતીરા હાજર રહેલ. તેમના તરફથી એક કેમ્પ નોંધવામાં આવેલ. જેને હાજર સૌએ લોકોએ તાળીઓના ગડગડાટ થી વધાવી લીધેલ, અને પ્રમુખશ્રી હરિશભાઈ તથા સહમંત્રીશ્રી હસમુખભાઈ એ તેમનું પુષ્પગુચ્છ આપી શાલ ઓઢાળી ને સન્માન કરેલ.

આ કાર્યક્રમ માં મેડીકલ કેમ્પના કન્વીનરશ્રી શશીકાંતભાઈ ચંદે, શ્રી જયેશભાઈ સોમૈયા, શ્રી હસમુખભાઈ ઠક્કર, શ્રી જયંતિભાઈ કોઠારી, શ્રી મહેન્દ્રભાઈ ચોથાણી, શ્રી દિનેશભાઈ કોટક, શ્રી નેહલભાઈ ગણાત્રા, શ્રી મૌલિકભાઈ ચંદારાણા, ડો.શ્રી શંકરભાઈ ખારવા, શ્રી રામજીભાઈ ઠક્કર, શ્રી બહાદુરસિંહજી જાડેજા, શ્રી પનુભાઈ દરજી, શ્રી દિનકરભાઈ જોષી, મોહમદ સલીમ રાયમા, શ્રી હંશરાજભાઈ ખારવા, શ્રી જયસુખભાઈ રાઠોડ, શ્રી જીતુભાઈ સચદે, શ્રીમતિ મધુબેન નાકર, વિ. હાજર રહી અને સેવાકીય પ્રવૃતિ માં સ્વયંસેવક તરીકેની સેવામાં ભાગ લીધેલ.

આ કેમ્પ ને સફળ બનાવવા માટે શ્રી હસમુખભાઈ ઠક્કર, કિશોરભાઈ ગટ્ટા, શ્રી દેવેન બારોટ, વિ. ખાસ જહેમત ઉઠાવેલ.

## ઉનાળાની શરૂઆત સાથેજ વગડામાં પાણી ખુટતા પશુધને ગામ તરફ મીટ માંડી

આણંદપર(યક્ષ)

ગત વર્ષ કચ્છમાં વરસાદ સચરાચર થયો હતો. સાતમ-આઠમ સહિતના તહેવારોમાં પણ વરસાદે પોતાની નોંધણી કરાવી હતી.છેલ્લે નવરાત્રિ,દિવાળી કરવા પણ વરસાદ આવ્યો હતો.છતા પણ શિયાળાની ઋતુ પુરી થતા અને ઉનાળાની ઋતુ શરૂ થતાં જ પાણીનાં તર દેખાવા લાગ્યા ગામતળના તળાવોમાં પણ પાણી ઓછા થવા લાગ્યા અને વગડામાં તો નાની-નાની તલાવડીઓ હતી જે વરસાદ પડયો હતો એમા પાણી આવ્યું હતું જે તલાવડીઓ આજે ખાલી-ખમ જોવા મળી રહી છે.

ગત વર્ષ સચરાચર વરસાદ પડયો હોવા છતા પણ આ વર્ષ જળાશયોમાં પાણી જલ્દી ખતમ થઈ ગયા આમ થવાથી તેમજ ખેતીવાડીના બોરના પાણી ચડવાના બદલે બોરના પાણી નીચે ઉતરતા ખેડૂતોને ફરજીયાત બોર ઉંડા કરવા પડી રહ્યા છે.આમ થવાથી પશુપાલકો અને ખેડુતો વિમાસણમાં પડી ગયા છે આટલો સચરાચર વરસાદ પડવા છતાં પાણી ક્યાં ગયું.આ લોકોને એમ હતું કે આ



વર્ષ તલાવડીઓ અને બોરના પાણી ઉનાળા સુધી વાંધો નહિ આવે અને ત્યાં સુધી બીજું ચોમાસું આવી જશે એટલે પાણીની તકલીફ ખેતીવાડી અને પશુપાલકો(પશુઓ)ને તકલીફ નહિ પડે.

અહીં તો ઉનાળાની શરૂઆત સાથે પાણીના તર ઘટવા લાગ્યા અને બોરના પાણી પણ ઉતરવા લાગ્યા.ઉનાળો કાઢવો ખેડુતો અને પશુપાલકો માટે કપરા ચઢાણ છે.જે હાલ આના પરથી કહી શકાય છે.વગડાઓમાં પાણી ખુટતા પશુપાલકો અને પશુઓની હાલત કફોડી થઈ ગઈ છે.ગામમાંથી સવારના ગાયો-ભેંસોના ધણ લઈને વગડામાં જાય છે.અને બપોરના ગામના અવડા કે તળાવમાં પાણી પીવડાવવા આવે છે.અને પાછા વગડામાં ધણને લઈ જાય છે.આમ વગડાઓમાંથી દીવસમાં બે વખત ગામમા આવે છે.ગાય-ભેંસ,ઘેટાં-બકરા તો ઠીક રણનું વાહન ઘણાતું ઉંટ જેવા પ્રાણીને પણ ગામની અંદર આવવુ પડી રહ્યું છે.વગડામાં પાણી અને ઘાસચારો બને ખુટવાના કારણે પશુઓ તેમજ પશુ પાલકોની હાલત ખરાબ થઈ રહી છે.

## અંજારના ૨૦ ગામમાં શિક્ષણ, પર્યાવરણ, આરોગ્ય, મહિલા આજીવિકા વિકાસ માટે હિમાયત

### મેઘપર કુંભારડી ખાતે વેલસ્પન ફાઉન્ડેશન દ્વારા મહિલા કારીગરોનું કરાયું સન્માન

ભુજ,

પારંપરિક હસ્તકલા કામ કરતા કારીગરોને ઓળખ મળે અને સાથે માર્કેટ વ્યવસ્થા મળી રહે જેના ભાગસ્પે અંજાર તાલુકાના મેઘપર, કોટડા, નવાગામ, લાખાપર અને આંબાપર ગામના કુલ ૮૧ કારીગરોના "આર્ટીઝન કાર્ડ" મંજૂર કરવામાં આવેલા છે. અંજાર તાલુકાના આ ૨૦ ગામોના સામુદાયિક સર્વાંગી વિકાસ માટે જાન્યુઆરી-૨૦૨૨ થી "વેલ-નેતૃત્વ કાર્યક્રમ' અમલમાં મૂકાયો છે. જેના અંતર્ગત વેલસ્પન ફાઉન્ડેશન ફોર હેલ્થ એન્ડ નોલેજ દ્વારા તાજેતરમાં આંતરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિતે આ કારીગર બહેનોનું સન્માન થાય અને ભવિષ્યમાં સહિયારા પ્રયાસથી એમની આજીવિકા મજબૂત બને એ હેતુથી મેઘપર કુંભારડી ખાતે હસ્તકલા કારીગરોનો સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે આસીસ્ટન્ટ ડાયરેક્ટર - ડેવલપમેન્ટ કમિશ્નર હેન્ડીક્રાફ્ટ રવિવીર ચૌધરીએ પ્રાસંગીક ઉદ્દબોધનમાં ભારત સરકારના કાપડ મંત્રાલયની હસ્તકલા કારીગરો માટેની સરકારની વિવિધ યોજનાઓની વિસ્તૃત સમજ આપી હતી, વેલસ્પન ગ્રુપના ડિરેક્ટર એ. કે. જોષીએ તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, "વેલસ્પન કંપનીના સીએસઆર વિભાગ દ્વારા શિક્ષણ, પર્યાવરણ, આરોગ્ય, મહિલા આજીવિકા વિકાસ માટે ગ્રામીણ સમુદાયના સર્વાંગી વિકાસ માટે ઘણી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે જેના દ્વારા લોકોના જીવનમાં પરિવર્તન લાવવામાં મદદસ્પ બની શક્યા અને કંપની સતત આવી પ્રવુતિઓ કરતી રહેશે . અતિથિ વિશેષ તરીકે ડીએલએમ ભાવિનભાઈ પટેલ, વેલસ્પન ફાઉન્ડેશનના સીએસઆર હેડ સંજીવ રંજન, સ્પન હેડ એકતા જૈન, તથા આસિફખાન પઠાણ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન વેલ-નેતૃત્વ ટીમ દ્વારા અને આભારવિધિ વિજય ચૌધરી અને સંદેશ કેદાર દ્વારા કરવામાં આવી હતી.

## મોબાઈલ યુગ આવતા વિસરાતી જતી રમતોને બાળકો ફરી યાદ કરી રમવા લાગ્યા



આણંદપર(યક્ષ)

મોબાઈલ,ટી.વી.કોમ્પ્યુટર યુગ આવતા બાળકો દ્વારા રમાતી રમતો જેવી લખોટી, ભમરડા, ગેલીદંડા (અહીંની ભાષામાં એટા એટી), આસપાસ, સતોડિયા, કબડ્ડી,ખો-ખો જેવી અનેક રમતો બાળકો રમતા હતા.આવી રમતો થકી બાળકો શરીરમા સશક્ત સાથે તેના વિકાસ સાથે મગજ પણ કસાતું હતું.જયારથી મોબાઈલ આવ્યો અને તેની અંદર જે ગેમો આવતી અને બાળક આ ગેમો રમવાની શરૂ કરતા શરીરના વિકાસ સાથે નજર પણ ઓછી થવા લાગી અને ગેમના કારણે અભ્યાસ પણ મોટી અસર પડી રહી હતી.તેમજ બાળક આવી ગેમો થકી અવળે રસ્તે ચડી જે ગેમમાં હોય એવું કરવા જતાં હોય છે.જેથી કરીને બાળકોને જીવ ખોવાનો વખત પણ આવ્યા છે.હાલ બાળકો આવી ગેમો મુકી જુની રમતો તરફ આગળ વધ્યા છે.

શાળાએથી બાળકો ઘરે આવી મોબાઈલના દરરોજ ઉપયોગ થકી બાળકો હવે થાકયા હોય એવું લાગી રહ્યું હોય એમ લાગતા બાળકો જે પહેલા જુની રમતો રમાતી હતી એ ફરી જુની રમતો તરફ વળ્યા છે.આમ બાળકો જુની રમતો થકી શરીરનો વિકાસ વધશે.આમ ગામડાઓના બાળકો હાલ મોબાઈલને મૂકીને જુની રમતો તરફ વળ્યા છે.એવીજ રીતે નખત્રાણા તાલુકાના આણંદપર(યક્ષ) ગામના નાના બાળકો લખોટી વાળી જે જુની રમતોને યાદ કરીને રમી રહ્યા છે.જે જોવા મળી રહી છે.

## માંડવી પોલીસ સ્ટેશનમાં ઠંડા પાણીનુ કૂલર દાતા દ્વારા અર્પણ



માંડવી,

આજ રોજ તારીખ - ૨૮/૦૩/૨૦૨૩ ના રોજ માંડવી પોલીસ સ્ટેશનમાં પીઆઈ ચૌહાણ સર અને જમાધાર પ્રવીણભાઈ પરમારની પ્રેરણાથી અને કચ્છ જિલ્લા ગામ વિકાસ સમિતિના સંકલનથી દાતા પરિવાર શ્રીમતી જયાવંતીબેન વિજયસિંહ ટોપરાની હસ્તે - નિરંજનાબેન અરવિંદ ભાઈ ટોપરાની મસ્કત ઓમાન ( માંડવી કચ્છ) દ્વારા માંડવી પોલીસ સ્ટેશનમાં આજ રોજ અર્પણ કરવામાં આવ્યું.

આ પ્રસંગે પીઆઈ ચૌહાણ સાહેબ, પ્રવીણ ભાઈ પરમાર, દિલીપભાઈ ડામોર, માધાભાઈ ચૌધરી, અનુપ ભાઈ કાપડી, નયનભાઈ શિરોખા, પ્રવીણભાઈ માતંગ, પ્રજ્ઞાબા વાઘેલા સહિતના પોલીસ સ્ટેશનના અધિકારીઓ ઉપસ્થીત રહીને દાતા પરીવાર અને સંકલન સમિતિ કચ્છ જિલ્લા ગામ વિકાસ સમિતિનો આભાર માન્યો હતો. દાતા પરિવારના પ્રતિનિધિ દિલીપ ભાઈ ટોપરાની હાજર રહ્યા હતા. ટોપરાની પરિવારની દ્વારા માંડવીમાં થયેલા વિકાસાત્મક કાર્યોની નોંધ લેવામાં આવી હતી. અરવિંદ ભાઈ જોષી, સલીમ ભાઈ ચાકી, સતાર ભાઈ મારા, નિતેશ ભાઈ સોની, મનીષભાઈ સોની સહિતનાઓ ઉપસ્થિત રહીને દાતાની દિલેરીને પોંખ્યા હતા. દાતા ટોપરાની પરીવાર દ્વારા સમગ્ર કચ્છમાં દિવ્યાંગો, જવાનો માટે પાણીની સુવિધા માટે અને બેન્ચ માટે ઉત્તમોત્તમ સહયોગ અપિલ મળતાની સાથે દાનની સરવાણી મળતી રહે છે તેવી વાત કચ્છ જિલ્લા ગામ વિકાસ સમિતિના અરવિંદ ભાઈ જોષીએ કરી હતી. દાતા પરિવારની દિલેરીને ઉપસ્થિતોએ વધાવી લીધી હતી.

## રાપરમા પ્રોબેશનલ નાયબ પોલીસ અધિક્ષક દ્વારા ટ્રાફિક ઝુંબેશ હાથ ધરવામાં આવી

રાપર,



હાલ મા રાજય સરકાર ના ગૃહ વિભાગ દ્વારા જુદા જુદા પોલીસ સ્ટેશનોમાં તાલિમી નાયબ પોલીસ અધિક્ષક ની નિમણૂક કરવામાં આવી છે તે મુજબ રાપર પોલીસ મથક ખાતે તાલિમી નાયબ પોલીસ અધિક્ષક પી. જે. રેણુકા ની નિમણૂક કરવામાં આવી છે ત્યારે રાપર પોલીસ મથક હેઠળના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તાલિમી નાયબ પોલીસ અધિક્ષક શ્રી રેણુકા એ પગલાં લેવા ની શરુઆત કરી છે જેમાં રાપર શહેર તથા આસપાસના વિસ્તારોમાં કાળા કાચ ધરાવતા ફોર વ્હીલર વાહનો તથા લાયસન્સ વગર અને કાગળો વગર ફરતા વાહન ચાલકો સામે પગલાં લેવાની શરૂઆત કરી છે જેમાં આજે રાપર શહેર મા ફુટ પેટ્રોલિંગ તથા વાહન ચેકીંગ દરમ્યાન પગલાં લીધા હતા જેમાં અગિયાર વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા તો સ્થળ પર રોકડ ૧૩૦૦૦/= દંડ ફટકાર્યા હતા અને ચાલીસ થી વધુ વાહનો મા લાગેલી કાળા કાચ પરની બ્લેક ફિલ્મ કાઢી હતી તેમજ ૪૫ એનસી કેસ કરવામાં આવ્યા હતા આજે યોજાયેલ ટ્રાફિક ઝુંબેશ દરમિયાન તાલિમી નાયબ પોલીસ અધિક્ષક પી. જે. રેણુકા પીએસઆઇ જી. બી માજીરાણા એએસઆઇ ધીરજભાઈ પરમાર ટ્રાફિક શાખાના મુકેશ સિંહ રાઠોડ સામજી આહિર તેજાભાઇ રબારી પ્રવિણ હડીયલ જોડાયા હતા આજે સાંજે રાપર શહેરમાં નાયબ પોલીસ અધિક્ષક દ્વારા ટ્રાફિક ઝુંબેશ હાથ ધરવામાં આવતાં વાહન ચાલકો મા ફફડાટ વ્યાપી ગયો હતો.

## પોષણ પખવાડીયા ઉજવણી અંતર્ગત ગણેશનગર આંગણવાડીમાં વિવિધ પ્રવૃત્તિ કરવામાં આવી

ભુજ

પોષણ પખવાડીયા ઉજવણી અંતર્ગત ભુજ ઘટક- ૧નાં ગણેશનગર આંગણવાડીમાં વિવિધ પ્રવૃત્તિ કરવામાં આવી હતી.

આ પ્રસંગે કિશોરીઓને પૂર્ણા ક્વિઝ દ્વારા પૂર્ણાશક્તિ તેમજ મંગળદીનની ઉજવણી બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું . IFA ગોળી , HB તેમજ વજન ઉંચાઈ નિયમિત કરાવવા સમજ આપવામાં આવી હતી. મિલેટ (શ્રી અન્ન) વિશે આંગણવાડીમાં ઉપસ્થિત બાળકોની માતાઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું . આ પ્રસંગે ગણેશનગર વિસ્તારના લાભાર્થીઓ તેમજ અન્ય વિસ્તારનાં આંગણવાડી કાર્યકરો હાજર રહ્યા હતા. બાળકોને નિયમિત આંગણવાડીમાં મોકલવા તથા બાળકોના વજન, ઉંચાઈ નિયમિત કરાવવા સમજ આપવામાં આવી હતી.

ઉપરાંત જાડાધાન (મિલેટ) જેવા કે કોદરી, મકાઈ, રાગી, સામો, જુવાર, બાજરાના ઉપયોગ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. આ પ્રસંગે નગરપાલિકાના સોશિયલ મોબિલાઈઝેશન ડેવલોપમેન્ટ એક્ટીવિસ્ટ ડીમ્પલબેન ત્રિવેદી, સી.ડી.પી.ઓ. શ્રી જાગૃતિબેન જોષી, સુપરવાઈઝર પ્રવિણાબેન ગોરે હાજરી આપી હતી.

## ભચાઉના ચોબારી ગામના ત્રણ યુવાનો ચૈત્રી નવરાત્રી નિમિત્તે માતાનામઢની પગપાળા યોજી

આણંદપર(યક્ષ)

માના નોરતા(નવરાત્રી) વર્ષમાં બે વખત આવે છે.આશો મહિનામાં લીલા નોર્ટસ અને ચૈત્ર મહિનામાં સુકા નોરતા આવતા હોય છે.આસો મહિનામાં માતાના મઢ માતાજીના દર્શન કરવા લોકો પગપાળા અવિરત પણે જતા હોય છે.એવી જ રીતે ચૈત્ર મહિનામાં નવરાત્રી નિમિત્તે પદયાત્રીઓ સારા પ્રમાણમાં પગપાળા જતા હોય છે.ચૈત્ર મહિનામાં પણ અમુક જગ્યાએ પદયાત્રીઓની સેવા માટે સ્ટોલ ઉભા કરવામાં આવતા હોય છે.અને યાત્રાળુઓ પગપાળા જોવા મળી રહ્યા છે.

એવીજ રીતે ભચાઉ તાલુકાના ચોબારી ગામના ત્રણ યુવાનો નવીનભાઈ આલાભાઈ લુહાર,હમીરભાઈ ગોપાલભાઈ આહીર તેમજ હીરેન દિનેશભાઈ પટેલ



રવિવાર તા.૨૩/૩/૨૩ના ત્યાંથી નીકળ્યા હતા તા.૨૬/૩/૨૩ના સવારના વાંઢાય ઉમિયા માતાજીના દર્શન કરી દેસલપર નલીયા હાઈવેપર આવેલ સુખપર(રોહા) નજીક આવેલ વિજપાસર ગામ નજીક આવેલા આવળ માતાજીના દર્શન કરી વિજપાસરથી મોરગર થઈને સાંજના છ વાગ્યાની આસપાસ પહોંચ્યા હતા.ત્યારે તેમની પુછા કરતા તેમણે જણાવ્યું હતું.ત્યાંથી તેઓ માતાના મઢ જવા રવાના થયા હતા.અને ૨૭ તારીખના સાંજના માતાના મઢ પહોંચ્યા હતા.

## ભુજ - દિલ્હી વચ્ચે વંન્દે માતરમ ટ્રેન અને દિલ્હી - હરિદ્વાર ટ્રેનની રજુઆત કરતા સાંસદ

ભુજ,

કચ્છ થી હરિદ્વાર માટે સાપ્તાહિક ટ્રેનની જાહેરાત રેલ્વે મંત્રાલયમ તરફ થી થઈ છે. જેને આવકારતા કચ્છ ના સાંસદ અને પ્રદેશ ભાજપા મહામંત્રી શ્રી વિનોદભાઈ ચાવડાએ લોક સભા સત્ર દરમ્યાન રેલ્વે મિનિસ્ટર પાસે ભુજ થી દિલ્હી દૈનિક વંન્દે માતરમ ટ્રેન સેવા શરૂ થાય અને તેના કનેક્ટિવિટી ટાઈમ માં દિલ્હી થી હરિદ્વાર ટ્રેન સેવા થાય તો લાખો લોકો ના માટે ફાયદાકારક છે.

સાંસદશ્રી વિનોદભાઈ ચાવડાએ જણાવ્યુ હતું કે, દેશના પાટનગર દિલ્હી માટે કચ્છ થી એક માત્ર ભુજ - બરેલી (આલા હઝરત) ટ્રેન છે. એક જ ટ્રેન હોવાથી રૂટમાં આવતા બધા નાના - મોટા શહેરો ની સુવિધા અર્થે સ્ટોપેજ ફાળવ્યા છે. પરંતુ સુપર ફાસ્ટ ટ્રેનની સુવિધા ખુબજ જરૂરી છે. માટે વંન્દે માતરમ ટ્રેન શરૂ થાય અને દિલ્હી થી હરીદ્વાર ટ્રેન કનેકશન મળે તો લાખો



લોકો ને તેનો લાભ મળે. પ્રગતિશીલ કચ્છમાં ઉતર ભારત ના લાખો લોકો ધંધા ઉધોગ અને રોજગારી માટે વસેલા છે. તેમને તથા કચ્છના લોકો ને ચારધામ - હરિદ્વાર અને પ્રવાસન સ્થળોએ દર્શન અને ફરવાનો લાભ મળે માટે મે લેખિત - મૌખિક રજૂઆત રેલ્વે મિનિસ્ટર અશ્વિનીજી અને રાજય કક્ષા રેલ મિનિસ્ટર દર્શનાબેન જરદોશ પાસે કરેલ છે. તેમના તરફ થી સારો પ્રતીભાવ મળેલ છે.

## ભુજ તાલુકાના હરીપર નજીક આવેલ ફિલ્ડ બટ પર ફાયરીંગ પ્રેકટીસ



ભુજ,

ભુજ તાલુકાના હરીપર નજીક આવેલ ફિલ્ડ ફાયરીંગ રેન્જ નં.૦૩ ૧૮૩ (આઈ) એફડી વર્કશોપ ઈએમઈ તા.૩૧/૩/૨૦૨૩ના તાબા હેઠળની આર્મ્સ ફાયરીંગ યોજવામાં આવનાર છે. જેથી આ ફાયરીંગ રેન્જમાં કોઈપણ વ્યકિતઓએ પ્રવેશવું નહીં અથવા ઢોરોને પ્રવેશવા દેવા નહીં. તેમ છતાં કોઈપણ વ્યકિત ઉપરોકત ફાયરીંગ રેન્જમાં પ્રવેશશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમજ તે વ્યકિતને કે ઢોરોને કોઈ નુકશાન થશે તો તેની પૂર્ણ જવાબદારી જે તે વ્યકિતની રહેશે.

## ભુજની શાળા નં. ૧૨માં બાળકોને શૈક્ષણિક સાધનો વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો



ભુજ,

ભુજની પછાત વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળા નં. ૧૨ માં આ શાળાના ભુતપૂર્વ શિક્ષક શ્રીમતી કાશ્મીરાબેન હરેશભાઈ ઠક્કર દ્વારા આવનારા દિવસોમાં વાર્ષિક પરીક્ષા આવતી હોઈ બાળકોને ઉપયોગી શૈક્ષણિક સાધનો અને નાસ્તા વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં પરિવાર ના સદસ્ય ખુશી હરેશભાઈ ઠક્કર ખાસ ઉપસ્થીત રહ્યા હતા. શિક્ષક સમાજના આગેવાન રશ્મિકાંતભાઈ પંડયાની ઉપસ્થીતીમાં યોજાયેલ કાર્યક્રમમાં પ્રારંભમાં શાળાના શિક્ષક વિજયભાઈ માણેકે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. શાળાના આચાર્ય પ્રેમકુમાર ગજરાએ દાતાશ્રી પરિવારનો આભાર માની શાળાના બાળકોને ઉપયોગી શૈક્ષણિક સાધનો અને નાસ્તા માટે આભાર માન્યો હતો રશ્મિકાંત પંડયાએ બાળકો ના હિતમાં થતી શાળાની પ્રવૃતિને બિરદાવી હતી. અને ખાસ દાતાઓ તથા શાળા તરફ વિવિધ રીતે સહયોગી બની રહ્યા છે. તે સરાહનીય છે તેવું જણાવી સમાજ શિક્ષણની પ્રવૃતિમાં રસ લે અને વિદ્યાર્થિઓ અભ્યાસમાં રસ લે તેવું બાળકોને જણાવ્યું હતું.

# ભુજના રેલવે સ્ટેશનને તોડીને નવું બનાવવામાં આવશે : કામનો આરંભ

ભુજ

જિલ્લામથક ભુજના રેલવે સ્ટેશનને તોડીને નવું બનાવવામાં આવશે જે કામનો આરંભ થઈ ગયો છે.હાલમાં સાઈટ સર્વે, જિયો ટેક્નિકલ ઈન્વેસ્ટિગેશન અને યુટિલિટી મેપિંગનું કામ પૂર્ણ થઈ ગયું છે. બેચિંગ પ્લાન્ટ લગાવવાનું અને ફેબ્રિકેશન યાર્ડનું કામ આગળ વધી રહ્યું છે. હાલે જે બિલ્ડીંગ ઉભું છે ત્યાંના વેઈટિંગ રૂમ વગેરેને બદલવા માટે કામચલાઉ માળખાનું નિર્માણ મહિનાના અંત સુધીમાં પૂરું કરી દેવામાં આવશે. તે પછી મુખ્ય ભવનને પાડવાની કામગીરી કરાશે.

સ્ટેશનને ૧૭૯.૮૭ કરોડ રૂપિયાના મંજૂર કરાયેલા ખર્ચે પુનર્વિકસિત કરવામાં આવી રહ્યું છે અને તે ૨૪ મહિનામાં પૂરું કરવાનું ધ્યેય છે.નવા પ્રોજેકટમાં સ્ટેશનનું મુખ્ય ભવન લગભગ ૯૭૦ ચો.મી.નું હશે, જેમાં સર્ક્યુલેશન, કોનકોર્સ અને વેઈટિંગ સ્પેસ માટે પૂરતી જગ્યા હશે. કોનકોર્સ એરિયા ૩૨૪૦ ચો.મી.માં વિસ્તરેલો હશે. આખા સ્ટેશન પરિસરમાં વાઈફાઈ કવરેજ મળશે. રેલવે સ્ટેશન દિવ્યાંગજનો માટે સુવિધાઓ ધરાવતું હશે, જેમાં ૧૩ લિફ્ટ અને ૧૦ એસ્કેલેટર સામેલ છે.ઉર્જા, પાણી અને અન્ય સંસાધનો વગેરેના ઉપયોગ માટે સુવિધાઓ સાથે સ્ટેશન ભવન ગ્રીન ભવન હશે.લગભગ ૩૦૦ ટુ-વ્હીલર્સ, ૫૦થી વધારે ફોર-વ્હીલર્સ અને ઓટો રીક્ષાને સમાવવા માટે પાર્કિંગ સુવિધાને અપગ્રેડ કરવામાં આવશે.ભુજ ગુજરાતના મુખ્ય પર્યટન સ્થળોમાંનું એક છે, જ્યાં રણઉત્સવનું આયોજન કરવામાં આવે છે. આ ઉત્સવ દુનિયાભરના સહેલાણીઓને રંગીન ઉત્સવના સાક્ષી બનવા માટે આકર્ષિત કરે છે. વિવિધ પર્યટન આકર્ષણો સાથે ભુજને પર્યટન સ્થળ બનાવવા માટે વિકાસ કરવામાં આવી રહ્યો છે.

આ નવું અત્યાધુનિક સ્ટેશન શહેરનું વધારાનું આકર્ષણ હશે.આધુનિક સુખ-સુવિધાઓ સાથે એરપોર્ટ જેવા વાતાવરણ સાથે યાત્રીઓ અને સહેલાણીઓનું સ્વાગત કરશે.

# બનાસકાંઠા અને કચ્છમાં ભારે પવન-કરાં સાથે ધોધમાર વરસાદ

ભુજ

ગુજરાતમાં આ વર્ષે કમોસમી વરસાદની આફત જાણે અટકવાનું નામ નથી લતી. રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા ૨૯થી ૩૧ તારીખ દરમિયાન ત્રણ દિવસ કમોસમી વરસાદની આગાહી કરાઈ છે. ત્યારે આજે બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં ભારે પવન અને ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. કરાં અને ભારે પવન સાથે વરસાદ વરસવાને કારણે ખેતરોમાં ઊભા પાકને ભારે નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. આજે બનાસકાંઠાના ઈકબાલગઢ વિસ્તારના વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો હતો. ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદ વરસતાં ભરઉનાળે ચોમાસા જેવો માહોલ જોવા મળ્યો હતો. તો થરાદમાં પણ ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસતાં બસ સ્ટેન્ડ વિસ્તારમાં તો ઘૂંટણસમા પાણી ભરાયેલાં જોવા મળ્યાં હતાં. એને કારણે રાહદારીઓ અને વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. બનાસકાંઠા જિલ્લામાં ડીસા અને અંબાજી પંથકના વાતાવરણમાં પણ પલટો જોવા મળ્યો હતો. ડીસામાં કરાં સાથે વરસાદ વરસ્યો હતો. જ્યારે અંબાજી અને આસપાસના વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ વરસતાં રસ્તા પર પાણી ભરાયાં હતાં. ભરઉનાળે કરાં સાથે વરસાદ પડતાં ટેટી, તરબૂચ, શાકભાજીના પાકો સહિત ઉનાળુ પાકોને ભયંકર નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. હજુ પણ કમોસમી વરસાદ અટકવાનું નામ લેતો નથી. કચ્છમાં પણ આજે વરસાદી માહોલ છવાયો છે. કચ્છના લખપત તાલુકાના ફુલરા, પાંધ્રો અને વર્માનગરમાં ગાજવીજ તથા પવન સાથે વરસાદ વરસ્યો હતો, તો પૂર્વ કચ્છના વાગડ વિસ્તારમાં પણ માવઠું થયું છે. ભચાઉ તાલુકાના કણખોઈ અને રાપર તાલુકાના ખેંગારપરમાં જોરદાર પવન સાથે તોફાની વરસાદ ખાબક્યો હતો, જેમાં કણખોઈ ગામે ભાવે પવનને કારણે અનેક વૃક્ષો પણ ધરાશાયી થઈ ગયાં છે, તો માવઠું થતાં ગ્રામ્ય માર્ગો પર પાણીના ધોધ વહી નીકળ્યા હતા. માવઠાથી આ વિસ્તારના ખેડૂતોને ઘઉં, એરંડા અને ઈસબગૂલ સહિતના પાકમાં નુકસાનની ભીતિ સેવાઈ રહી છે. ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા ઉપરાંત પાટણના સિદ્ધપુર અને રાધનપુરમાં પણ માવઠું થયું છે. બંને શહેરોમા વાદળછાયું વાતાવરણ સર્જાયા બાદ છુટાછવાયા વરસાદી ઝાપટા વરસ્યા હતા. વાતાવરણમાં પલટાના કારણે ધરતીપુત્રો ચિંતિત જોવા મળ્યા હતા. મહેસાણા શહેરમાં આજે રામનવમી નિમિતે ૪૨મી શોભાયાત્રા યોજવામાં આવી રહી છે. આજે નીકળેલી શોભાયાત્રા દરમિયાન અમીછાંટણા થયા હતા. ચાલુ વરસાદે પણ ભક્તો ભગવાન રામના દર્શન કરવા અને શોભાયાત્રાને નિહાળવા પહોંચ્યા હતા. કમોસમી વરસાદની આગાહી વચ્ચે આજે અમરેલી જિલ્લામાં વધુ એક માવઠું જોવા મળ્યું હતું. સાવરકુંડલાના ભમર અને મેરિયાણા પંથકમાં હળવા વરસાદી ઝાપટાં વરસ્યાં હતાં.

# જી-૨૦ને અનુલક્ષીને સ્મૃતિવન મેમોરિયલ ૧ એપ્રિલના બપોરે ૧ થી સાંજે ૫ સુધી બંધ રહેશે

ભુજ

ગાંધીનગરમાં ૩૦ માર્ચથી ૧ એપ્રિલ સુધી પ્રથમ વર્કિંગ ગ્રુપ ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન મીટિંગ આયોજન કરાયું છે. જે અનુસંધાને વર્કિંગ ગ્રુપ મીટિંગના સભ્યો ૧ એપ્રિલના કચ્છ જિલ્લાના ભુજ ખાતે સ્મૃતિવન મેમોરિયલની મુલાકાતે આવશે.

આ મિલકતને કારણે સ્મૃતિવન મેમોરિયલ તારીખ ૧ એપ્રિલના રોજ જાહેરજનતા માટે બપોરના ૧ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી બંધ રહેશે.

જી-૨૦નું ડેલીગેશન તથા અન્ય મહેમાનો આવવાના હોઈ તેમજ કચ્છ જિલ્લો જમીન અને દરીયાઇ જળ સીમાથી પાકિસ્તાન સાથે જોડાયેલ હોઈ આ સરહદી જિલ્લાના વિસ્તારમાં આવેલ વાઈટલ ઈન્સ્ટોલેશન, આર્મી કેન્ટોનમેન્ટ, વી.વી.આઈ.પી./ વી.આઈ.પી. રહેઠાણ તેમજ કચેરીઓ, અગત્યની સરકારી કચેરીઓ વગેરેને હિંસા પહોંચાડી શકવાની શકયતા તેમજ જિલ્લાની તેમજ રાજયની સલામતી જોખમમાં મુકાય તે શક્યતા રહેલી છે.

કચ્છ જિલ્લામાં દેશ વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગ ફોડીયા તત્વો માનવ રહિત રીમોટ સંચાલિત વિમાન જેવા સાધનો અથવા માનવ સંચાલિત નાની સાઈઝના વિમાન જેવા સાધનો અથવા એરો સ્પાર્ટસમાં વપરાતા ઉપકરણોના ગેરલાભ લઈ કચ્છ જિલ્લામાં આતંક ફેલાવી, સુલેહ શાંતિ જોખમાય તેમજ લોકોના જાનમાલને નુકશાન કરે તેવી શક્યતા રહેલી હોઈ પશ્ચિમ કચ્છ-પોલીસ અધિક્ષકે 'નો ડ્રોન' ફલાય ઝોન જાહેર કરવા દરખાસ્ત કરતા કલેકટર દ્વારા આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

# ભુજના માધાપર હાઈવે નજીકથી SOG એ રૂા. ૩.૪૨ લાખના એમડી ડ્રગ્સ સાથે મહિલાને ઝડપી પાડી

ભુજ

સરહદી કચ્છ જિલ્લામાં દરિયાઈ વિસ્તારમાંથી અવારનવાર બિનવારસી હાલતમાં માદક પદાર્થના પેકેટો મળતા રહ્યા છે. તો પશ્ચિમ કચ્છના અલગ અલગ સ્થળોએથી મેફેડ્રોન (એમડી) નારકોટિક્સ ડ્રગ્સના જથ્થા સાથે આરોપીઓ ઝડપાઈ ચુક્યાની ઘટના બનતી રહી છે. ત્યારે આજે ગુરુવારે વધુ એક વખત માદક પદાર્થનો કાળો કારોબાર ચાલતો હોવાનું સામે આવ્યું છે. જેમાં વાણિજ્યક હેતુસર ડ્રગ્સના જથ્થા સાથે મૂળ પશ્ચિમ બંગાળની અને હાલે માધાપર હાઈવે પર આવેલી હોટેલ ભવાની પાછળ રહેતી કુખ્યાત મહિલાને એસઓજીએ ઝડપી પાડી છે. ૩૪ વર્ષીય આરોપણને માધાપર પોલીસ મથકના હવાલે કરી એનડીપીએસ એક્ટ તળે ગુન્હો નોંધવામાં આવ્યો છે. જ્યાં આ ડ્રગ્સનો જથ્થો ક્યાંથી અને કેવીરીતે મેળવ્યો હતો તે સહિતના પ્રશ્નો અંગે પોલીસ દ્વારા આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

આ વિશે પશ્ચિમ કચ્છ એસઓજીએ જાહેર કરેલી યાદી મુજબ ઉચ્ચ અધિકારીઓ કરેલી માદક પદાર્થના સેવન અને વેંચાણની ગેર પ્રવુતિ નેસ્તનાબૂદ કરવાની સૂચના મુજબ તપાસમાં રહેલી એસઓજી ટીમના પો.હે.કોન્સ્ટેબલ મદનસિંહ લાલુભા જાડેજાને ખાનગી રાહે મળેલી સચોટ બાતમીના આધારે વર્કઆઉટ કરી ભુજ તાલુકાના માધાપર ધોરીમાર્ગ પર આવેલી હોટેલ ભવાની પાછળ રહેતી ૩૪ વર્ષીય રેશમાં ક્રિષ્ના મંડલને ઝડપી પાડી તપાસ કરતા તેણી પાસેથી વાણિજ્યક હેતુસર રહેલો રૂ ૩ લાખ ૪૨ હજારની કિંમતના ૩.૪૨ ગ્રામ મેફેદ્રોન (એમડી) નારકોટિક્સ દ્રગ્સના જથ્થો હસ્તગત કરી , માધાપર પોલીસ મથકે આરોપણ વિરુદ્ધ એનડીપીએસ એકટ તળે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, આ પૂર્વે પણ માધાપર હાઈવે પરથી મેફેડ્રોનના જથ્થા સાથે આરોપી ઝડપાઈ ચુક્યા છે. જે ક્યાંકને ક્યાંક આ વિસ્તારમાં ડ્રગ્સનો છુપો કારોબાર ચાલતો હોવાનો અંગુલીનિર્દેશ કરે છે. અલબત્ત પકડાયેલી મહિલા આરોપી અન્ય ગેરકાયદે ધંધા સાથે સંકળાયેલી છે કે કેમ તે અંગે પણ પોલીસ તપાસ શરૂ કરાઈ છે.

# દિવસ-રાત અવરજવરથી ધમધમતા જ્યુબિલી સર્કલ પર પોલીસનો કાયમી પોઈન્ટ ઉભો કરવો જરૂરી

ભુજ

દિવસ-રાત અવરજવરથી ધમધમતા જ્યુબિલિ સર્કલ પર બે દિવસના ટૂંકાગાળામાં મારામારીની બીજી ઘટના સામે આવી હતી. જેમાં બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ દાખલ કરાઈ છે મંગળવારે રાત્રે જ્યુબિલી સર્કલ પર સરાજાહેર મારામારી થતા લોકો એકત્ર થઈ ગયા હતા.

રઘુવંશીનગરમાં રહેતા દિલીપભાઈ બચુભાઈ ઠક્કરે જણાવ્યું કે, તેઓ રાત્રે ૧૦:૩૦ વાગ્યાના અરસામાં જ્યુબિલી સર્કલ ખાતે ગયા ત્યારે જેષ્ટા નગરમાં રહેતો આરોપી ધ્રુવ ઉર્ફે બબુડો ઠક્કર પોતાની રીક્ષા સાથે ઉભો હતો ત્યારે તેની પાસે જઈને ફરિયાદીએ કહ્યું કે, મેં તને બે વર્ષ પહેલાં ભાઈબંધીમાં ૪૦૦૦ ઉછીના આપ્યા હતા તે મને પાછા આપ.ત્યારે ધ્રુવ ઠક્કરે કહ્યું કે, હું રૂપિયા નહીં આપું તારાથી થાય તે કરી લે તેમ કહી ગાળો આપતા ગાળો બોલવાની ના કહી હતી.જેથી આરોપીએ ઉશ્કેરાઈને મારમારી રીક્ષામાંથી લોખંડનો પંચ કાઢીને માથામાં ત્રણ ચાર ઘા મારતા આસપાસના લોકો ભેગા થઈ ગયા અને મારમાંથી બચાવ્યો હતો.આરોપીએ કહ્યું કે,બીજીવાર મારી પાસે રૂપિયા માંગીશ તો જીવતો નહીં મૂકું.બનાવની જાણ થતા ત્યાં હાજર ટીઆરબી જવાનો દોડી આવ્યા હતા અને પોલીસની જીપ પણ આવી ગઈ હતી.જે બાદ ઘાયલને સારવાર માટે જીકે માં ખસેડ્યા બાદ આરોપી સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે.મહત્વનું છે કે,જ્યુબિલી સર્કલ પર જિલ્લા અને બહારગામની બસો સતત આવતી હોય છે અને શહેરનો મુખ્ય પ્રવેશદ્વાર હોવાથી અહીં અવરજવર રહેતી હોય છે.આ સ્થળે ટૂંકા સમયગાળામાં બસમાં ચડવા જતા પ્રવાસીના ખિસ્સામાંથી ચોરી,ચીલ ઝડપ તેમજ મારામારી સહિતની ઘટનાઓ બની છે ત્યારે પોલીસનો પોઈન્ટ ગોઠવવામાં આવે તે જરૂરી બની ગયું છે.

### ૩ મહિનામાં દર્દીના હવાઈ સ્થળાંતર માટે ભુજમાં બીજી વખત એર એમ્બ્યુલન્સની સેવાનો ઉપયોગ

ભુજ, સરકાર દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સની સેવા નિઃશુલ્ક આપવામાં આવે છે તેની સાથે ગુજરાતમાં એર એમ્બ્યુલન્સની સેવા પણ શરૂકરવામાં આવી છે.જેમાં ચાર્જ ચૂકવવો પડે છે.ભુજમાં ૩ મહિના બાદ બીજી વખત એક દર્દીને એરલીફ્ટ કરવામાં આવ્યા છે. ૧૦૮ના પ્રોગ્રામ મેનેજર મનવીર ડાંગર અને જિલ્લા અધિકારી વિશ્રુત જોષીએ જણાવ્યું કે,મીરજાપરના ૭૨ વર્ષીય ભીખાલાલ હરજીભાઈ સિયાણીને લંગ્સ ટ્રાન્સપ્લાન્ટ કરાવવાના હતા અને સારવાર પડકારજનક હોવાથી ૧૦૮ની એર એમ્બ્યુલન્સ મારફતે તેમને ચેન્નઈ એરલિફ્ટ કરવામાં આવ્યા હતા.

# ભાવનગરના મેવાસા ગામ નજીક ગમખ્વાર અકસ્માત, ટ્રક પલટી મારતા ૬ શ્રમિકોના કરુણ મોત

ભાવનગર

રાજ્યમાં ગમખ્વાર અકસ્માતોની એક પછી એક ઘટનાઓ સામે આવી છે, ત્યારે ભાવનગરના વલ્લભીપુર મેવાસા નજીક ગમખ્વાર અકસ્માત થયો છે, જેમાં ટ્રક પલટી મારતા આ દુર્ઘટનામાં ૬ લોકોના સ્થળ પર જ કમકમાટીભર્યા મોત થયા છે. હાલ પોલીસ ઘટના સ્થળે પહોંચીને આગળની તપાસ હાથ ધરી છે.

આ ઘટના વિશે મળતી માહિતી પ્રમાણે, ભાવનગરના વલ્લભીપુર તાલુકાના મેવાસા ગામ પાસે ભયાનક દુર્ઘટના સર્જાઈ છે. મેવાસા ગામ નજીક કડબ ભરેલો ટ્રક પલટી મારી જતાં અનેક શ્રમિકો ટ્રક નીચે દટાયા છે. પરંતુ પ્રાથમિક માહિતી અનુસાર આ ગમખ્વાર અકસ્માતમાં ૬ લોકોના કરુણ મોત થયા છે.

આ દુર્ઘટનામાં ટ્રક પલટી મારી જવાનું કારણ સામે આવ્યું છે. ઘાસચારો ભરેલું આઈસર ટ્રકનું ટાયર ફાટતા આ દુર્ઘટના બની છે. આઈસર ટ્રકમાં ઘાસચારા પર ૧૫ જેટલા મજૂરો સવાર હતા. ત્યારે વાહન પલટી જતા તમામ ઘાસચારા નીચે દબાયા હતા. પરંતુ તાકીદે તેમને બહાર કાઢવામાં આવ્યા જે પૈકી ૬ મજૂરોના મોત નિપજ્યા છે. બાકીનાને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાની માહિતી મળતા પોલીસ કાફલો અને લોકોના ટોળા ત્યાં દોડી ગયા હતા.

આ અકસ્માતને પગલે રાહદારીઓના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા. સ્થાનિકોએ આ અંગે ૧૦૮ એમ્બ્યુલન્સ અને પોલીસને જાણ કરી બચાવ કામગીરી શરૂકરી હતી. હાલ ૧૦૮ સહિત પોલસની ટીમ ઘટના સ્થળે દોડી આવી છે અને બચાવ કામગીરી હાથ ધરી છે. મૃત્યુઆંકમાં વધારો થવાની આશંકા સેવાઈ રહી છે.

આરોગ્ય મંત્રીની ઉપસ્થિતિમાં મુખ્ય સચિવ અને ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજતા મુખ્યમંત્રી

# રાજ્યમાં કોવિડ-૧૯ સામે આરોગ્યતંત્રની સજ્જતાની સમીક્ષા : તમામ સરકારી ખાનગી હોસ્પિટલોમાં ૧૦ અને ૧૧ એપ્રિલે મોક ડ્રીલ યોજાશે

ગાંધીનગર

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યમાં કોવિડ-૧૯ ની સ્થિતિ અને તે સામે આરોગ્યતંત્રની સજ્જતાની સર્વગ્રાહી સમીક્ષા ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને કરી હતી. રાજ્યભરમાં ટેસ્ટ -ટ્રેક-ટ્રીટમેન્ટના આધારે કોવિડના કેસો કે શંકાસ્પદ લક્ષણો ધરાવતા વ્યક્તિઓને વહેલા નિદાન અને સમયસર સારવારની વ્યવસ્થા આરોગ્ય વિભાગે ગોઠવી છે, તેની આ બેઠકમાં વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. તદ્ અનુસાર ,ગુજરાતમાં દરરોજ પ્રતિ મિલિયન ૨૬૮ ટેસ્ટિંગ કરવામાં આવે છે તેમજ કોવિડ -૧૯ પોઝિટિવ દર્દીઓનું જીનોમ સિક્વન્સીંગ પણ કરાય છે. આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલી આ સમીક્ષા બેઠકમાં જણાવવામાં આવ્યું કે, આગામી ૧૦ અને ૧૧ એપ્રિલના દિવસોએ રાજ્યની તમામ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં મોકડ્રીલ યોજવામાં આવશે.



આ મોકડ્રીલ અંતર્ગત તમામ સાધન સામગ્રી, બેડ, ઓક્સિજન પ્લાન્ટ, વેન્ટિલેટર્સ, ફાયર સેફટી તેમજ દવાઓ , માનવ બલ વગેરે ની સજ્જતા ચકાસણી કરવામાં આવશે. આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલે બેઠકમાં આરોગ્ય વિભાગની સઘન કામગીરીની વિગતો આપી હતી. તેમણે આ સંદર્ભમાં કહ્યું કે, રાજ્યમાં વહેલા નિદાન અને સારવારને પરિણામે હોસ્પિટલાઈઝેશન એટલે કે દાખલ કરવા પડે એવા દર્દીઓનું પ્રમાણ ૩% કરતાં ઓછું છે અને મૃત્યુદર પણ નહિવત છે. કોવિડ-૧૯ કેસોનું દૈનિક ધોરણે એનાલિસિસ કરીને આરોગ્ય વિભાગ રોગ અટકાયતના પગલા પણ ત્વરાએ લે છે તેની આ બેઠકમાં વિગતો આપવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલી આ સમીક્ષા બેઠકમાં આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે હોસ્પિટલોમાં દવા વગેરેના પુરવઠાની પણ સમીક્ષા હાથ ધરી હતી. આયુર્વેદિક વિભાગ દ્વારા પણ ઉકાળા વિતરણ અને હોમિયોપેથી દવાનું વિતરણ રાજ્યમાં કરવામાં આવે છે તેમ આ સમીક્ષા બેઠકમાં જણાવવા માં આવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે બેઠકમાં જણાવ્યું કે કોરોના સામે ગભરાટ કે ડર વિના સાવચેતી સલામતી રાખવા લોકોને કોરોના એપ્રોપ્રિએટ બીહેવીયર માટે જાગૃત કરવા જરૂરી છે. ઉંમરલાયક વ્યક્તિઓ અને દર્દીઓએ જાહેર ભીડભાળવાળી જગ્યાએ ન જવા અને માસ્ક પહેરવું ,ઉધરસ કે છીંક ખાતી વખતે મોં આગળ રૂમાલ રાખવો તેમજ વારંવાર હાથ ધોવા, સેનેટાઈઝરનો ઉપયોગ કરવો અને જાહેર સ્થળોએ થૂંકવું નહીં જેવી બાબતો અંગે લોકજાગૃતિ કેળવવા તેમણે બેઠકમાં માર્ગદર્શન આપ્યું હતું. આ ઉચ્ચસ્તરીય બેઠકમાં મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસ નાથન, વરીષ્ઠ સચિવો અને પ્રતિષ્ઠિત તજજ્ઞ ડોકટર્સ, સિવિલ હોસ્પિટલના અને આરોગ્ય વિભાગના અધિકારીઓ પણ જોડાયા હતા.

# માઉન્ટ આબુમાં કરા સાથે પડ્યો ધોધમાર કમોસમી વરસાદ, સહેલાણીઓએ માણી મઝા





બનાસકાંઠા

રાજ્યમાં છેલ્લા ઘણાં દિવસોથી અનેક વિસ્તારોમાં કરા સાથે માવઠું થઈ રહ્યું છે. ત્યારે ગુજરાતીઓના મનપસંદ હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં પણ માવઠા સાથે કરા પડ્યા છે. જે બાદ આખા વિસ્તારમાં ઠંડક પ્રસરી ગઈ હતી અને સહેલાણીઓને વાતાવરણની મઝા માણી હતી. સવારથી આબુમાં આકાશ વાદળોથી ઘેરાયેલું હતું અને વાતાવરણમાં ભેજ છવાયો હતો. જેની અસરના પગલે બપોર બાદ ભારે વરસાદ શરૂથયો હતો અને ત્યારબાદ વરસાદ અને કરા પડ્યા હતા. માઉન્ટ આબુમાં અચાનક કરા પડતા સ્થાનિક લોકો અને સહેલાણીઓએ તેની મઝા માણી હતી. સહેલાણીઓ કરા હાથમાં લઈને રમી રહ્યા હતા. આબુમાં વાદળછવાયા બાદ માવઠું અને કરા પડ્યા હતા. માવઠું પડવાથી આખા વિસ્તારમાં સફેદ ચાદર છવાઈ ગઈ હોય તેમ લાગી રહ્યું હતુ. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, આજે ૩૦ માર્ચે અમદાવાદ, ગાંધીનગર, અરવલ્લી, મહિસાગર, બનાસકાંઠા, સાબરકાંઠા, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, મોરબી, દ્વારકા, બોટાદ, કચ્છમાં ૪૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે અને ગાજવીજ સાથે સામાન્ય વરસાદની આગાહી કરાઈ છે. જ્યારે ૩૧ માર્ચે સુરત, ભરુચ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથમાં ૪૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે અને ગાજવીજ સાથે સામાન્ય વરસાદની આગાહી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, બે દિવસ બાદ કમોસમી વરસાદનું જોર ઘટશે. તથા સૌરાષ્ટ્ર, મ.ગુજરાત, ઉ.ગુજરાતમાં કમોસમી વરસાદ રહેશે. સૌરાષ્ટ્રમાં આવતીકાલે કમોમસી વરસાદનું જોર રહેશે. આ સાથે અમદાવાદ, વડોદરા, ગાંધીનગર સહિતમાં માવઠું રહેશે. ત્રણ દિવસ બાદ ગુજરાતમાં ગરમીનો પારો વધશે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે પણ માવઠાની આગાહી કરતા જણાવ્યુ કે, ૩૧મી માર્ચ સુધી ફરી માવઠું પડી શકે છે. પશ્ચિમી વિક્ષેપને કારણે રાજ્યમાં માવઠું થઈ શકે છે.

વીજળીના કડાકા સાથે ઘણાં વિસ્તારમાં કરા પણ પડી શકે છે. જે બાદ ભેજના કારણે ત્રણથી આઠ એપ્રિલ સુધી ફરી રાજ્યમાં વાતાવરણ પલટાશે અને વાદળછાયું વાતારણ રહેવાની શક્યતા છે. ૮થી ૧૪ એપ્રિલ સુધી આંધી, વંટોળ સાથે કમોસમી વરસાદ અને કરા પણ પડી શકે છે. જેથી ૮થી ૧૪ એપ્રિલ સુધી ખેડૂતોને સાવધાન રહેવું પડશે.

# ગુજરાતમાં માત્ર દોઢ વર્ષમાં વાહનચાલકો પાસેથી ૧૩૮ કરોડનો જંગી દંડ વસૂલાયો




ગાંધીનગર

ટ્રાફિકના નિયમોની બધાને જાણ હોવી ખુબ જરૂરી છે. ગુજરાતમાં છેલ્લા દોઢ વર્ષમાં વાહન ચાલકો પાસેથી ૧૩૮ કરોડ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો છે. અત્રે જણાવવાનું કે ગુજરાતમાં હાલમાં જ વિધાનસભા ચૂંટણી યોજાઈ હતી અને ભૂપેન્દ્ર પટેલ સરકાર હાલ રાજ્યમાં સત્તા પર છે. ભૂપેન્દ્ર પટેલ છેલ્લા દોઢ વર્ષથી મુખ્યમંત્રી પદ સંભાળી રહ્યા છે. દોઢ વર્ષમાં સરકારે ટ્રાફિકના દંડ પેટે ૨૦૨૧-૨૨માં ૧૩૮.૧૫ રૂપિયા વસૂલ્યા છે.

મળતી માહિતી મુજબ વર્ષ ૨૦૧૭-૧૮થી લઈને ૨૦૨૧-૨૨ સુધીના પાંચ વર્ષની જો વાત કરીએ તો આ પાંચ વર્ષમાં ટ્રાફિકના નિયમોનો ભંગ બદલ વાહન ચાલકો પાસેથી દંડ પેટે ૬૩૦.૧૩ કરોડ વસૂલાયા હતા. અત્રે જણાવવાનું કે ટ્રાફિક તંત્રને આ દંડ જે ઉઘરાવવામાં આવે છે તે માટે ટાર્ગેટ આપવામાં આવતા હોય છે. ઉપરોક્ત પાંચ વર્ષ દરમિયાન ૬૬૧.૯૯ કરોડનો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો જેને જોતા સામે ૬૩૦.૧૩ કરોડ વસૂલાયા. કેગનો જે લેટેસ્ટ રિપોર્ટ આવ્યો છે તેમાં જણાવાયું છે કે વર્ષ ૨૦૧૨-૧૨થી ૨૦૨૧-૨૨ એમ કુલ ૧૦ વર્ષમાં ટ્રાફિક નિયમોના ભંગ બદલ ૯૬૪.૪૩ કરોડનો ખરેખર દંડ વસૂલાયો અને પર્સનલ લેજર એકાઉન્ટ- પીએમએમાં તેની તબદિલી વચ્ચે ૧૯ ટકાનો મોટો તફાવત જોવા મળ્યો. આ ૧૦ વર્ષમાં પીએલએમાં ખરેખર તબદીલી જોઈએ તો ૭૯૧.૩૯ કરોડ જ થઈ હતી. એટલે કે ૧૮૩.૦૪ કરોડની ઓછી રકમ પીએલએમાં ટ્રાન્સફર થઈ હતી.

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : જયેન્દ્ર ઉપાધ્યાયે વિશાલ પ્રિન્ટરી, ભુજમાં છાપી ચંચળ કાર્યાલય, લાલ ટેકરી, ભુજમાંથી પ્રગટ કર્યું તંત્રી-મુદ્રક-પ્રકાશક અને માલિક : જયેન્દ્ર ઉપાધ્યાય મુદ્રક સ્થાન : વિશાલ પ્રિન્ટરી, ભુજ. ફોન નં. ૨૫૨૯૪૨-૪૩, મો. ૯૪૨૭૬૧૩૨૫૧ Email : chanchal61@yahoo.com ગાંધીનગર ઓફીસ : ૭૦૨, સાતમા માળે, અખબાર ભવન, ગાંધીનગર, ફોન : ૨૯૭૫૦૦૮૩